શૈશવ
બાળ અધિકાર સંસ્થા



સ્વતંત્રતા એટલે અજ્ઞાનને જીતવું.

એ. એસ. નીલ
(સમરહિલમાંથી)

# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૫-૧૬

શૈશવ

## અમારી દષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યકિતગત ક્ષમતાઓના ઉચ્ચત્તર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.

સ્વસ્થ બાળક... સ્વસ્થ માનવ... સ્વસ્થ સમાજ...

## અમારું ધ્યેય

**દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.**


**સંસ્થા કાર્યાલય :** શૈશવ
બ્લોક નં.૩, બીજે માળે, બી-વિંગ,સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર-૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭

E-mail : shaishav93@gmail.com
Web. : shaishavchildrights.org

રજી. ઓફીસ : શૈશવ, આઈ/૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીએટર પાસે,
થલતેજ રોડ, અમદાવાદ.


- સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એકટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુકિતને પાત્ર છે.
- સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.
- ક્રેડીબીલીટી એલાયન્સ દ્વારા પ્રમાણિત સંસ્થા (હાલ રીન્યુઅલ પ્રક્રિયા ચાલુ છે)


ટ્રસ્ટી મંડળ

૧ શ્રી ફાલ્ગુન શેઠ
૨ શ્રી પારૂલ શેઠ
૩ શ્રી નિમિષા દેસાઈ
૪ ડૉ. પંકજ શાહ
૫ ડૉ. એસ. શ્રીધર
૬ શ્રી અનિતા શાહ
૭ શ્રી સંજય દેસાઈ
૮ ડૉ. અમી ત્રિવેદી
૯ શ્રી સંગીતા ગરત
૧૦ ડૉ. પારસ મહેતા
૧૧ શ્રી જતીન જલુંધવાલા

માનનીય શ્રી,

બાળકોની સાથે શરૂ કરેલ યાત્રાના બે દાયકા વીતી ગયા પણ અમારા માટે બાળપણ : એક અવિરત ખોજ છે ! બાળપણનું દર્શન અનેક પડકારો, સંઘર્ષો અને અવરોધોની વચ્ચે પામવું ખરેખર કેટલું અઘરું છે તેની પ્રતીતિ સતત થઈ રહી છે !

૨૦૧૫-૧૬નું વર્ષ મહત્વનું બની રહ્યું, બાળપણની શોધયાત્રાના અમારા અનુભવો અને એમાંથી શું શીખ્યા તેની વાત ગોષ્ઠિ દ્વારા સૌની સામે મૂકી જેથી આવનારા દિવસોમાં આપણા સૌનો સથવારો અર્થપૂર્ણ બાળપણની ખોજમાં અમૂલ્ય બની રહેશે એ શ્રદ્ધા સહ વર્ષ ૨૦૧૫-૧૬નો અહેવાલ અહિંયા રજુ કર્યો છે.

આપના સૂચન - પ્રતિભાવ આવકાર્ય છે.

આભાર સહ,

આપના,
પારૂલ ફાલ્ગુન
શૈશવ પરિવાર વતી

તા. ૦૧-૦૮-૨૦૧૬

## વિહંગાવલોકન

૨૦૧૫-૧૬ના વર્ષની શરૂઆત અમારા માટે અવિસ્મરણીય બની રહી. બાળકો સાથે કાર્ય કરવાનું શરૂ કર્યું અને જોતજોતામાં બે દાયકા વીતી ગયા! આ અંગે અગાઉના વર્ષમાં આ યાત્રાનું દસ્તાવેજીકરણ કરવાના પ્રયત્નો શરૂ કર્યા હતા અને પ્રાથમિક અહેવાલ તૈયાર કર્યો હતો, પણ એમાં અમે કેન્દ્ર સ્થાને રાખ્યું હતું : અમારું શિક્ષણ - આ યાત્રામાંથી અમને શું શીખવા મળ્યું ? બાળપણની શોધયાત્રામાંથી પ્રાપ્ત થતા જતા બાળપણના અર્થો કયા ? બાળપણ કયાં ખોવાઈ રહયું છે - કયાં છીનવાઈ રહયું છે ? નોબેલ પુરસ્કાર સન્માનિત વાંગારી મુથા મથાઈ કહે છે તેમ : ‘‘આપણા બાળકોને દુનિયાની સુંદરતા અને વિસ્મય પાછા આપવા તે પડકાર છે !’’ આ પડકારો કયા છે ? બાળપણ અંગેની આપણી સમજની મર્યાદાઓ કઈ છે ? આ બધું જાણવા-સમજવાનું અને અનુભવોમાંથી બાળપણને ઓળખવાનું - આ ઉપક્રમ અમે અહેવાલમાં રાખ્યો. બે દાયકાની આ યાત્રા... કેવા કાર્યક્રમ યોજવા તેના ચિંતનમાંથી થયું કે આ નિમિત્તને વિશેષ અર્થપૂર્ણ બનાવવું રહયું. મોટો કાર્યક્રમ ન કરતાં, વિચારગોષ્ઠિનું આયોજન કર્યું. નાના પાયે થોડાક શુભેચ્છકો-મિત્રો, સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા ભાવનગરના પ્રબુધ્ધજનો સાથે ૪ અને ૫ એપ્રિલ - બે દિવસની ગોષ્ઠિ ગોઠવી.

ગોષ્ઠિના પ્રારંભમાં સંસ્થાના શ્રી ફાલ્ગુનભાઈએ સૌને આવકારતા હેતુઓ સાથે બે દિવસના કાર્યક્રમની રૂપરેખા જણાવ્યા પછી પારૂલબહેને બે દાયકાની વાત-અનુભવોને વણી કરી હતી. આ પ્રસંગે ખાસ પધારેલ શ્રી રામકૃષ્ણ મીશન - વડોદરાના અધ્યક્ષ પૂ. સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજીએ આર્શીવચન આપ્યા હતા. સંસ્થાના કાર્યકરોમાંથી અશોકભાઈ અને નીલમબહેને અનુભવો-અનુભૂતિની વાત કરી જયારે બાલસેના-તરૂણસેનાના કાર્તિક-ખુશ્બુ ગાયત્રી, દક્ષા અને દિપકે પોતાના બીજા માતા-પિતા એટલે શૈશવ ને ગણાવી લાગણીસભર વાતો દ્વારા પોતાના ઘડતરની યાત્રાનું વર્ણન કર્યુ હતું.

બીજી બેઠકના પ્રારંભે સંસ્થાના ટ્રસ્ટી ડૉ. શ્રીધરભાઈએ ‘બાળપણની શોધયાત્રા’ અહેવાલમાંથી બે દાયકા દરમ્યાન શું શીખ્યા તેની વાત સંક્ષિપ્તમાં કરી હતી, ત્યારબાદ જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. રોહિતભાઈ શુકલએ શૈશવના કાર્યોની વાતનું અનુસંધાન કરી બાળકો અને શિક્ષણ, સરકાર અને સમાજના વલણો વિગેરે વાતોને વણી શિક્ષણના વ્યાપક પ્રશ્નો -પડકારો અને તેમાં કેવી ભૂમિકા હોય તે અંગે વાત કરી હતી. આ પ્રસંગે પધારેલ નયામાર્ગના તંત્રી અને ગુજરાતની સંસ્થાઓના મોભી એવા શ્રી ઈન્દુભાઈ જાનીએ સંસ્થાઓ અને સંગઠનોના સામૂહિક પ્રયાસથી કેવા કાયદા જનહિતના અમલમાં આવ્યા તેની વાત કરી, શિક્ષણ અને મનુષ્યનિર્માણની વાત કરી હતી, જયારે કેળવણીકાર અને લોકભારતીના શ્રી અરૂણભાઈ દવેએ જીવનશૈલીની વાતને સાંકળી શિક્ષણમાં જીવનના અનુબંધને પ્રયોજવા અંગે જણાવ્યું હતું.

જાણીતા ચિંતક અને લેખક શ્રી સુભાષભાઈ ભટ્ટે શૈશવનો યાત્રાના સાક્ષી તરીકે મૂલ્યનિષ્ઠ કાર્ય અને સંઘર્ષ દ્વારા બાળપણની શોધ અંગેના આયામોને ઉજાગર કર્યા હતા.

ત્રીજી બેઠકમાં જાણીતા કેળવણીકાર અને લેખક ડૉ. ભદ્રાયુભાઈ વચ્છરાજાનીએ શૈશવના અનુસંધાનમાં સ્વ થી સમાજની યાત્રા અંગે વાત કરતા જણાવ્યું હતું કે જે વાત અહિંયા કરવામાં આવે છે તે શાળામાં થતી નથી. અહિં સ્વની ઓળખ બાળકોને થાય છે આ ઓળખ સાથે મૈત્રી દ્વારા સંગઠીત થઈ રહયા છે. ભાવનગર યુનિ.ના ભૂતપૂર્વ કુલપતિ શ્રી ડૉ. વિદ્યુતભાઈ જોષીએ શૈશવના કાર્યોના ત્રણ તબકકાઓની વાત કરી અધિકારો માટેના કાર્યો તથા આગામી કાર્યો કેવા હોઈ શકે તેની વાત કરી સૌરાષ્ટ્રની તાસીર અને સંસ્થાઓનું વિશ્લેષણ કરી માઈન્ડ સેટ - વર્તન બદલવાના કાર્ય પર ભાર આપવાની જરૂરિયાત જણાવી હતી.

ચોથી બેઠકની શરૂઆતમાં યુનિસેફ-ગુજરાતના વડા શ્રી જેરૂબહેન માસ્ટરે બાળ અધિકારોના પરિપ્રેક્ષ્યમાં બાળકોની સ્થિતિ તથા અનેકવિધ પ્રશ્નો-પડકારોની વાત કરી શૈશવના કાર્યોને બિરદાવતા વિશેષ અપેક્ષા શૈશવ પાસેથી છે તેમ જણાવ્યું હતું. શૈશવના કાર્યોમાં ભાગીદાર થનાર પોલ હેમલીન ફાઉન્ડેશનના શ્રી સચીનભાઈ સચદે શૈશવના કાર્યોની વાત કરતા જણાવ્યુ હતું કે શૈશવના અનુભવો વિશેષ કરીને એડવોકસીમાં વિશેષ કામ લાગે તેમજ અન્યો સુધી પહોંચે તેની અપેક્ષા વ્યકત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમના અંતે ગુજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી સુદર્શનભાઈ આયંગરે બન્ને દિવસની ચર્ચાઓ, મુદ્દાઓને સમાવી શૈશવના ૨૦ વર્ષના કાર્યોના અનુસંધાન અને નૂતન પહેલની વાત કરી બાળકના ચારિત્ર્ય નિર્માણની સાથોસાથ સ્વાવલંબન અને પરસ્પરાવલંબનને જોડી સમાજનિર્માણ તરફ






અગ્રેસર કરવાની વાત કરી હતી.

બે દાયકાની યાત્રાના અનુસંધાનમાં આગળની યાત્રા-ભવિષ્યમાં કેવા કાર્યો કરવા, કેવા બદલાવની જરૂર છે, કઈ મર્યાદાઓ અને શકિત-કૌશલ્યો છે તેના આધારે સ્ટ્રેટેજિક પ્લાનીંગ માટે પ્રથમ તબકકામાં ચાઈલ્ડ રીચ ઈન્ટરનેશનલ યુ.કે.ના ફીરોઝભાઈ તથા એલિસીયાના માર્ગદર્શન સાથે સંસ્થાના કોરગૃપ સભ્યો, બાલસેના-તરૂણસેનાના પ્રતિનિધિ બાળકો-તરૂણો સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી, ત્યારબાદ ફરીથી બીજા તબકકામાં સંસ્થાના કોરગૃપ સભ્યોએ ચર્ચા કરી આગામી વર્ષો માટેનું સ્ટ્રેટેજિક પેપર તૈયાર કર્યુ હતું, જેમાં યુ.કે. સ્થિત વોલન્ટીયર અમલનો ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયો હતો. આમ, આવનારા દિવસોમાં સંસ્થાના કાર્યોમાં ફેરફાર, નવા કાર્યક્રમ વગેરે અંગે નવુ વર્ષ ૨૦૧૬-૧૭ મહત્વનું પુરવાર થશે.

## નેપાળના બાળકો સાથે

જો કે નેપાળમાં થયેલ ધરતીકંપે આપણને સૌને કચ્છના અભૂતપૂર્વ ભૂકંપની યાદ તાજી કરાવી દિધી. કચ્છમાં થયું ત્યારે તો દોડી ગયા હતા, અન્ય કશું ન કરતા કેવળ બાળકોને જ સાચવ્યા ! કુદરતી આપતિના સમયે બાળકો માટે ઉભા થતા પડકારો-પ્રશ્નોનો સીધો અનુભવ થયો હતો! નેપાળના બાળકો માટે કંઈક કરવું રહયું, ચાઈલ્ડ રીચ ઈન્ટરનેશનલ, યુ.કે.ને અમારા અનુભવો ખ્યાલમાં હતા, તેઓએ અમને ચાઈલ્ડ રીચ-નેપાળ સાથે જોડી આપ્યા. અહિંયા અમે સીધું કાર્ય ન કરતાં, ચાઈલ્ડ રીચ-નેપાળની ટીમ સાથે ભૂકંપગ્રસ્ત બાળકો માટે તથા ભૂકંપની અસરથી ભયભીત થયેલ બાળકો, શાળા-શિક્ષણ વિહિન બાળકો, આવા જ સમયે સક્રિય થતા અને બાળકોનું ટ્રાફીકીંગ કરતા તત્વો વિગેરેના અનુસંધાનમાં બાળકોની સુરક્ષા અને કાળજી તેમજ કાઉન્સલીંગ અને પ્લેથેરાપી દ્વારા બાળકોને પ્રવૃતિઓમાં સતત જોડીને આ આપત્તિમાંથી તેઓ આગળ વધે તે માટેના કાર્યો, વ્યુહરચના અને પ્રવૃતિઓ અંગે વિશેષ તાલીમ કરી હતી, બાળકો સાથે પ્રવૃતિઓના નિદર્શન દ્વારા પ્રત્યક્ષ અનુભવો કરાવ્યા હતા. આમ અમે નેપાળના બાળકો સાથે જોડાઈ શકયા હતા.



## શૈશવ દ્વારા આયોજિત બાળ સંગઠનોના બાળ પ્રતિનિધિઓનું ચોથું રાષ્ટ્રીય અધિવેશન

બાળકો સાથે કાર્ય કરતા-કરતા અમે અનુભવતા હતા કે વિચારસરણી-મતભેદ-મનભેદના કારણે બાળકો સાથે કાર્ય કરતી સંસ્થાઓના પણ અલગ-અલગ નેટવર્ક છે, અને પરિણામે કોઈ એક કોમન પ્લેટફોર્મ પર બાળકોને ભેગા થવું હોય તો તેનો કોઈ વિકલ્પ નથી, આ ઉપરાંત બાળકો પોતે જ જાતે નક્કી કરે અને પોતાનું પ્લેટફોર્મ બનાવે તેવા હેતુથી એક પ્રયાસ ૨૦૦૮ થી શરૂ કર્યો! આનંદની વાત એ છે કે સંસ્થાઓની વચ્ચે વૈચારિક મતભેદો હોવા છતાં બધાએ બાળકોને એકત્ર કરવા અંગે સહજતાથી તૈયારી દર્શાવી!



શૈશવના ઉપક્રમે તથા બાલસેનાના યજમાનપદે પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન વર્ષ ૨૦૦૮માં ભાવનગરના આંગણે યોજાયું હતું ત્યારબાદ અલગ-અલગ રાજયોમાંથી આવેલ બાળકો અને તેઓની સાથેના સંસ્થાના કાર્યકરોએ નક્કી કર્યુ કે શકય હોય તો દર વર્ષે મળવાનું ગોઠવીએ! આમ એક સ્વૈચ્છીક પ્રયત્નને વેગ મળ્યો. બાળ સંગઠનોના બાળ પ્રતિનિધિઓનું બીજું રાષ્ટ્રીય અધિવેશન મદુરાઈમાં શકિત વિડયલના ઉપક્રમે ૨૦૦૯માં તથા ત્યારબાદ યુવા સંસ્થાના ઉપક્રમે તૃતીય સંમેલન મુંબઈમાં યોજાયું!



બાળ અધિકારોમાં સહભાગિતાનો અધિકાર અત્યંત મહત્વનો છે. બાળકોના સ્વાયત સંગઠનો, સ્વતંત્રપણે નિર્ણય લે, નેતૃત્વ અને જવાબદારી સ્વીકારતા થાય તે દિશામાં પ્રયત્નો વધુ સઘન બન્યા,

એક મેક પાસેથી નવું-નવું શીખવા મળે, તેમજ આપણે બધા સાથે છીએ તે ભાવના બળવત્તર થાય તે અંગે આમ આદાન-પ્રદાન શરૂ થયા. મુંબઈમાં યોજાયેલ તૃતીય અધિવેશન દરમ્યાન ''નેશનલ ફોરમ ફોર ચાઈલ્ડ પાર્ટીશીપેશન'' એવા નામ સાથે બાળકોના સંગઠનના બાળ પ્રતિનિધિઓનું ફોરમ રચવા અંગે બાળકોએ ચર્ચા-વિચારણા કરી નિર્ણય કર્યો હતો.

આ સમગ્ર પ્રયાસ સ્વૈચ્છીક રીતે શરૂ થયો, કયાંકથી મદદ મળે તો લેવાની પણ કોઈને આધારિત ન થાય તેની પણ કાળજી લેવામાં આવી રહી છે. આમ આ પ્રયાસમાં ઉતાર-ચઢાવ પણ આવી રહયા છે. વચ્ચે બે વર્ષ વિશેષ કામ ન થઈ શકયું પરંતુ ફરી શૈશવ સંસ્થાએ જવાબદારી સ્વીકારી ચતુર્થ વાર્ષિક અધિવેશનનું આયોજન કર્યું. આ અધિવેશન સૌની અનુકૂળતાને ધ્યાનમાં લઈ ભાવનગરને બદલે અમદાવાદમાં ગાંધીજી સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠમાં કરવામાં આવ્યું, જેથી ઐતિહાસિક મૂલ્યો અને તેમાંથી પ્રાપ્ત થતી પ્રેરણા સૌ અનુભવી શકે.

આમ શૈશવ સંસ્થા અને બાલસેનાના ઉપક્રમે તા. ૧૧ થી ૧૪ જાન્યુઆરી દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે બાળકોના સંગઠનના પ્રતિનિધિ બાળકો સાથે ૪થું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું.

રાષ્ટ્રીય બાળ અધિકાર આયોગના સભ્ય શ્રી રૂપા કપુર, ગુજરાત રાજય બાળ અધિકાર આયોગના ઈન્ચાર્જ અધ્યક્ષ શ્રી ભારતીબહેન તડવી તથા ગુજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સેલર શ્રી અનામિકભાઈ શાહના સાંનિધ્યમાં ઉદ્‌ઘાટન કાર્યક્રમ ૧૧ જાન્યુઆરીના રોજ યોજાયો હતો. આ અધિવેશનમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, દિલ્હી, રાજસ્થાન, બિહાર, પશ્ચિમ બંગાળ, કર્નાટક, તમિલનાડુ તથા તેલંગણા જેવા ૧૦ રાજયોના ૧૯ બાળ સંગઠનોના પ્રતિનિધિ બાળકોએ બાળ સંગઠનોના વીઝન-મીશન, જરૂરીયાતો, પ્રશ્નો તથા બાળકોના વ્યાપક પ્રશ્નોના સંદર્ભમાં રાષ્ટ્રીય બાળ નીતિ તથા તેના એકશન પ્લાન અંગેની ચર્ચા વિવિધ માધ્યમો દ્વારા કરી હતી. સમગ્ર પ્રક્રિયાને ફેસીલીટેટ કરવા માટે શૈશવના શ્રી પારૂલબહેન, શકિત વિડીયલના શ્રી જિમ તથા દિલ્હીના શ્રી કિશોર વિગેરેએ માર્ગદર્શન આપ્યું હતું.

સંમેલનમાં બાળકો સાથે સંગઠન કેવી રીતે બનાવવું અને તેનું ક્ષમતાવર્ધન કેવી રીતે કરવું, માળખું કેવું હોય, નેતૃત્વ વિકાસ, ટીમ બિલ્ડીંગ, સામુહિક નેતૃત્વ, સામુહિક નિર્ણય શકિત, તેમજ રાષ્ટ્રસંઘે જાહેર કરેલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ વિગેરે મુદ્દાને આવરી લઈને પ્રવૃતિઓ, રમતો વગેરે દ્વારા સમજ કેળવી હતી. આ સાથે બાળકોએ પોતાના સંગઠનની વિશિષ્ટતાઓ અને કાર્યો અંગે પ્રદર્શન તૈયાર કરી આદાન-પ્રદાન કર્યુ હતું.

સમાપન કાર્યક્રમ ગુજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી સુદર્શનભાઈ આયંગરના મુખ્ય મહેમાન પદે યોજાયો હતો. જુદા-જુદા રાજયોમાંથી આવેલ બાળકોએ ભાષાના સીમાડા વટાવી સુંદર મૈત્રી કરી હતી. બાળકોએ અધિવેશન ઉપરાંત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉપરાંત ગાંધી આશ્રમ, કાંકરીયા જેવા જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી.

આગામી અધિવેશન મહારાષ્ટ્રમાં યોજાશે.

## નવી પહેલ...

દાહોદ જિલ્લામાંથી રોજીરોટી માટે મોટા પાયે લોકો સ્થળાંતર થતા હોય છે, પરિણામે તેઓના બાળકોનું શિક્ષણ અને વિકાસ અવરોધાય છે. આ અનુસંધાનમાં બાંધકામ મજૂર સંગઠન અને આધાર સંસ્થાના સહયોગથી દાહોદ તાલુકાના **૫** ગામોમાં બાળકો સાથે શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ **૫** ગામોનો બેઝલાઈન સર્વે કરી ગામના જુદા-જુદા ફળિયામાં તથા ગામની શાળામાં નિયમિત રીતે અનેકવિધ પ્રવૃતિઓ સાથે અનુભવ આધારિત શિક્ષણ કાર્ય કરવામાં આવી રહયું છે. બાળકો, ગામના લોકો તથા શાળાના શિક્ષકોના હકારાત્મક પ્રતિભાવ મળી રહયા છે. આગામી દિવસોમાં આ કાર્ય સૌના સહયોગથી વધુ ઘનિષ્ઠ થશે, આ કાર્યની સાથોસાથ સ્થળાંતરિત મજૂરોને સરકારી યોજનાઓના લાભ મળે તે માટે જુદી-જુદી યોજનાઓ સાથે જોડવાનું મહત્વનું કાર્ય પણ કરવામાં આવી રહયું છે. આ અનુસંધાનમાં જોડાયેલા નવા કાર્યકરોની સઘન તાલીમ અવારનવાર યોજવામાં આવી રહી છે.





## ભાવનગર શહેરમાં પ્રથમવાર ચાઈલ્ડ સેફટી વોક

શૈશવ દ્વારા બાળકોની દષ્ટિએ શહેરના કયા વિસ્તારો અસલામત છે, અસલામતી શા માટે લાગે છે ? કેવા કારણો છે ? કેવા પડકારો છે ? અને તેના નિરાકરણ માટે શું કરી શકાય તેવા હેતુથી બાલસેનાના બાળકો તથા કાર્યકરો સાથે તાલીમો યોજી સેફટી વોક કાર્યક્રમ કેવી રીતે યોજવો, કેવા મુદ્દાઓ આવરી લેવા તે અંગેની ચર્ચા-સમજણ દ્વારા માપદંડ નકકી કરવામાં આવ્યા હતા.

બાલસેનાના ૩૪૩ બાળકો સાથે, શૈશવના કાર્યકરો તથા વિસ્તારના કેટલાક વડીલોની સાથે રહી તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૫ થી તા. ૧૦ ઓકટોબર ૨૦૧૫ દરમ્યાન બાલસેના જે વિસ્તારોમાં કાર્યરત છે તેવા ૧૨ વિસ્તારોમાં પ્રથમ તબકકે સેફટીવોક યોજવામાં આવેલ.

આ વિસ્તારોના મેપીંગ કરી બાળકોએ રોડ સલામતી. ટ્રાફીકની સમસ્યા, ખૂલ્લી ગટરો, ઢોર ઢાંખરની બીક લાગે તેવા રોડ-ગલીઓ, સ્ટ્રીટલાઈટ, કિશોરીઓની છેડતી થતી હોય તેવા વિસ્તાર, ખૂલ્લા વિજળીના થાંભલા, દારૂ-જુગારના વિસ્તારો વિગેરે જે બાળકોની સલામતી માટે જોખમકારક છે તે શોધવામાં આવ્યા હતા.

આમ બાળકોની દ્દષ્ટિએ સેફટીવોક દ્વારા શહેરના વિસ્તારોનું સેફટી ઓડીટ કરવાનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે. આ કાર્ય અન્ય વિસ્તારોમાં પણ હાથ ધરવામાં આવનાર છે. આ અનુસંધાનમાં બાળકોએ સલામતીના જે મુદ્દાઓ સામે આવ્યા તેના નિરાકરણ-ઉકેલ માટે એકશન પ્લાન બનાવી વ્યસન મુકિત, કચરા નિકાલ-સફાઈ, બાળમજૂરી જેવા મુદ્દાઓ માટે રેલી, પત્રિકા વિતરણ, વ્યકિતગત સંપર્ક જેવા કાર્યો હાથ ધરી કાર્ય શરૂ કર્યુ છે. આગામી દિવસોમાં વિસ્તારના કોર્પોરેટર, સરકારી વિભાગો સાથે સંકલન સાધી કાર્ય આગળ ધપાવવામાં આવનાર છે.

આ વર્ષ દરમ્યાન યુનિસેફ-ગુજરાતની પાર્ટનર સંસ્થાઓના કાર્યકરો અને બાળકો સાથે બાળઅધિકાર, નેતૃત્વ, ટીમ બિલ્ડીંગ, સંગઠન તથા બાળકોના કાયદાઓ અને બાળકોના પ્રશ્નો અંગે વિશેષ તાલીમ આપવાનું કાર્ય પણ શૈશવ દ્વારા થયું હતું, આમ સમગ્ર વર્ષ દરમ્યાન ગુજરાતની ૬ સંસ્થાઓને સઘન તાલીમ આપવામાં શૈશવે વિશેષ કાર્ય કર્યુ હતું.

## ચાઈલ્ડ રાઈટ ઓડીટ - ગુજરાત

ગુજરાતમાં બાળકો સાથે કાર્યરત સંસ્થાઓ અને વ્યકિતઓના સમૂહનું નેટવર્ક બાળ અધિકાર સમૂહ-ગુજરાત કાર્યરત છે અને તેના કન્વીનર તરીકેની જવાબદારી હાલ શૈશવ સંભાળી રહયું છે. આ સંગઠન દ્વારા જુદા-જુદા કાર્યક્રમો અવારનવાર યોજવામાં આવતા હોય છે. અગાઉના વર્ષે સમગ્ર ગુજરાતને આવરી લેતી બાળ અધિકાર યાત્રા યોજવામાં આવી હતી, તેના ફોલોઅપના ભાગરૂપે આ વર્ષે બાળકો દ્વારા બાળકોના પ્રશ્નો અંગે વિશિષ્ટ ‘ચાઈલ્ડ રાઈટ ઓડીટ-ગુજરાત’ ફિલ્ડ સંશોધન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ માટે બાળકો સાથેની બે તાલીમ શિબિરો રાજય સ્તરે યોજવામાં આવી હતી, જેમાં શૈશવ તથા અન્ય સંસ્થાઓએ અગ્રણી ભૂમિકા ભજવી હતી. આ કાર્યમાં યુનિસેફની સુંદર મદદ મળી છે.

## બાલસેના વાર્ષિકોત્સવ

શૈશવ પ્રેરિત બાલસેનાનો ૧૩મો વાર્ષિકોત્સવ તા. ૨૭-૧૨-૨૦૧૫ રવિવારના રોજ સવારે ૮:૩૦ થી સાંજે ૫:૦૦ દરમ્યાન શ્રી બી.એમ.કોમર્સ હાઈસ્કુલ ખાતે ઉજવાયો હતો. આ પ્રસંગે પધારેલ અમદાવાદની સ્વપથ સંસ્થાના ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ ભટ્ટે

રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. દિવસ દરમ્યાન બાળકોમાં સર્જનાત્મકતા વિકસે તે હેતુથી બિન ખર્ચાળ અને સસ્તા, તથા ઘરની આસપાસના વાતાવરણમાંથી મળતી વસ્તુઓ દ્વારા સર્જનાત્મક અનેકવિધ પ્રકારના /પ્રોજેક્ટ તૈયાર કરાવવામાં આવ્યા હતાં. આ ઉપરાંત રાજેશભાઇ અને સંધ્યાબેને બાળકોને સુર્યકુકર બનાવતા શીખવ્યું હતું. આ બાલસેનાના ૭૮૪ બાળકોએ વાર્ષિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

આ ઉપરાંત બપોરે અઢી વાગ્યાથી શહેરના અલગ અલગ વિસ્તારના ૧૩૭ વાલીઓ સાથે વાલી સંમેલન શ્રીરાજેશભાઇના મુખ્ય મહેમાન પદે યોજાયું હતું, આ સંમેલનમાં બાળકોમાં શિક્ષણ, બાળ અધિકારો, શાળા વ્યવસ્થાપન સમિતી અને તેમાં નિયમિત સહભાગી થવું ઉપરાંત પંચાયતી રાજ અને તેના માળખાની માહિતી આપવામાં આવી હતી.

બાળકો માટે નિસ્બત ધરાવનાર શહેરના અગ્રણી નાગરીકો, શ્રીબી.એમ.કોમર્સ હાઇસ્કૂલના આચાર્ય શ્રીપરેશભાઇ ત્રિવેદી, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ શાળાના શિક્ષક રાજેશભાઇ ત્રિવેદી અને તેમની શાળાના ઈકો કલબના બાળકો તથા ભુજ, વડોદરા, માંડવી ચાઇલ્ડ હેલ્પ લાઇનના મિત્રો તથા દાહોદ આધાર સંસ્થાની કાર્યકરો સહભાગી થયા હતા. જયારે જે.કે.રામ કોલેજના એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓએ બાળકો સાથેની પ્રવૃતિ કરાવવામાં સહકાર પુરો પાડી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





## તેરાહ મેરા રન..... હાફ મૅરેથોન

'તેરાહ મેરા રન' - બેંગ્લોર સ્થિત વ્યકિતવિશેષનું ગ્રુપ છે, તેઓની સાથે અન્ય શહેરના વ્યકિતઓ પણ જોડાય છે. કોઈની સ્પોન્સરશીપ લીધા વગર પોતાના આનંદ માટે અને સમાજના કાર્યોમાં ઉપયોગી થવા માટે મૅરેથોન દોડ યોજાતી રહે છે, આ દરમ્યાન ઓનલાઈન પહેલ વડે જે રકમ એકત્ર થાય તે તમામ સમાજ ઉત્થાનના કાર્યોમાં વાપરે છે. હમણાં જ ચેન્નાઈમાં આવેલ અભૂતપૂર્વ પૂર દરમ્યાન તેઓએ મદદ પહોંચાડી હતી.

જગદીશભાઈ, સિંધુબહેન, બ્રિજેશભાઈ અને અરુંધતીબહેન જેવા બાળ દોસ્તોએ ૨૦૧૫માં હાફ મૅરેથોનનું આયોજન એવી રીતે કર્યુ કે પશ્ચિમના દરિયાકિનારા કન્યાકુમારી થી લઈને કચ્છ-




કોટેશ્વર જેવા ૧૩ ગામ/શહેર પસંદ કર્યા, હાફ મૅરેથોન એટલે ૨૧.૫ કિ.મી.ની દોડ. આ માટે ૧૩ દિવસ નકકી કર્યા. આ દરમ્યાન એક જગ્યાએ થી બીજી જગ્યાએ જવા ટ્રેન અને વાહનનો ઉપયોગ કર્યો ! જોગાનુજોગ બાલસેનાનો પણ ૧૩મો વાર્ષિક કાર્યક્રમ ! આ દોડ દરમ્યાન ત્રણ સંસ્થાના કાર્યોને ટેકો આપવા રકમ એકત્ર કરી ! શૈશવના કમ્પ્યુટર તાલીમ કેન્દ્ર માટે ટીપે ટીપે કરતા રૂા. ૫,૦૦,૦૦૦ લાખનું દાન તેઓના દ્વારા મળ્યું છે ! આ માટે સમગ્ર ગ્રુપના આભારી છીએ.....

આ ગ્રુપ દ્વારા ભાવનગરમાં પણ તા. ૨૭ ડીસેમ્બર ૨૦૧૫ હાફ મૅરેથોન કરવામાં આવી હતી, તેઓ બાલસેનાના ૧૩મા વાર્ષિક કાર્યક્રમમાં સહભાગી થવા ઈચ્છતા હતા. તે દિવસે વહેલી સવારે ૦૫:૩૦ વાગે વિકટોરીયા પાર્ક પાસેથી આ જૂથના સભ્યો દ્વારા દોડ શરૂ કરી હતી, આ પ્રસંગે તેઓને બિરદાવવા શૈશવની ટીમ ઉપરાંત બાલ દોસ્ત શ્રી પરેશભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહયા હતાં. ૨૧.૫ કિ.મીની દોડ પછી જૂથના તમામ સભ્યો બાલસેનાની રેલીમાં તેમજ ધ્વજવંદન કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રસંગે સમગ્ર જૂથનું સન્માન બાલસેનાના બાળકોએ કર્યુ હતું. જૂથવતી બ્રિજેશભાઈ અને જગદીશભાઈએ મૅરેથોન દોડ અને જૂથના કાર્યો વિષે વાત કરી બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

તરૂણસેનાના સક્રિય સભ્ય વિપુલ ચાવડા અશોકા ઈન્ટરનેશનલના યુથવેન્ચર કાર્યક્રમ - જે યુવાનો કંઈક કરી બતાવવા ઈચ્છે છે તેઓની લીડરશીપ વિકસે તે માટેના આ કાર્યક્રમમાં યુથવેન્ચર ફેલો તરીકે ગુજરાતમાંથી એકમાત્ર પસંદગી થઈ છે. આ માટે ૨૧ અને ૨૨ ડીસેમ્બરના રોજ બેંગ્લોર ખાતે

સમગ્ર દેશમાંથી આમંત્રિત કરાયેલ યુવાનોના સઘન ઈન્ટરવ્યુ, પ્રેઝન્ટેશન અને ગોષ્ઠિ જેવા કાર્યો દ્વારા પસંદગી કરવામાં આવી હતી.

આમ, વિપુલે સમગ્ર ભાવનગર શહેર, શૈશવ તથા તરૂણસેનાનું ગૌરવ વધાર્યુ હતું. આપણે જાણીએ છીએ કે અગાઉ યોજેલ કોમનવેલ્થસોસાયટીના એસોસીએટ ફેલો તરીકે પણ વિપુલની પસંદગી થઈ હતી, અભિનંદન!

બાલસેનાના બાળકો ભાવનગરના ઈતિહાસને ભણે, ભૌગોલિક રીતે પરિવિત થાય તેમજ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક ગતિવિધી-પ્રવૃતિઓ, સ્વાતંત્ર્ય ચળવળમાં ભાવનગર તથા રાજવી પરિવારનું પ્રદાન-જીવન-કવન વિષે જાણે તેવા હેતુથી વિશેષ કાર્ય 'પ્રોજેકટ ભાવનગર'નું કાર્ય હાથધર્યુ હતું, આ માટે યુએસએ થી ધો-૯ની પરિક્ષા આપી વેકેશનમાં સેવા આપવા ભાવનગર આવેલ કુહુ ભાલે નેતૃત્વ લઈ બાળકોને ઉત્તમ દોરવણી આપી હતી, આ સમગ્ર પ્રોજેકટ કાર્ય અમારા માટે અમૂલ્ય બની રહ્યું હતું. (વિશેષ વાત પાછળ જણાવેલ છે.)

આમ ઉપરોકત વિશેષ કાર્યો સમગ્ર વર્ષ દરમ્યાન હાથધરવામાં આવ્યા હતા જયારે બાલસેના, તરૂણસેના, કમ્યુનીટી પ્રોગ્રામ, ચાઈલ્ડ હેલ્પ લાઈન - ૧૦૯૮ તથા બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રની નિયમિત પ્રવૃતિઓ સાતત્વપૂર્ણ રીતે યોજાઈ હતી, જેની વિશેષ માહિતી - આંકડાકીય માહિતી વગેરે પાછળના પૃષ્ઠોમાં સામેલ છે.






# બાલસેના





બાળકોનું પોતાનું સ્વાયત સંગઠન એટલે બાલસેના. એકતા - સમાનતા અને મૈત્રીના પાયાના મૂલ્યો સાથે બાળકો સંગઠીત બની શીખતા - શીખવતા આગળ વધી રહ્યા છે. આ વર્ષ સંગઠનના ૧૩ વર્ષ પૂર્ણ થયા.

આ વર્ષની મુખ્ય પ્રવૃતિઓની વાત અહિંયા કરી છે.

**વેકેશન શિબિર :**
એપ્રિલ થી જૂનનો સમય એટલે દર વર્ષની જેમ આ વર્ષ પણ વેકેશન શિબિરનું બાળકો માટે આયોજન કર્યું હતું.

એપ્રિલમાં પરિક્ષાના બોજથી મુકત થયેલા બાળકોએ મે મહિનાના વેકેશનનો ઉપયોગ શિબિરમાં જોડાઈ પોતાના ઘડતર અને કૌશલ્ય વિકાસ માટે કરી જીવનના પાઠ શીખ્યા હતાં.

શહેરની શ્રી દોલત અનંત વળિયા સ્કૂલ તથા શ્રી ધનેશ મહેતા સ્કૂલના પ્રાંગણ અને મકાનમાં તેઓના ઉમદા સહયોગ વડે બાલસેનાનાં બાળકો માટે વેકેશન શિબિર યોજાઈ હતી.

૪૪૩ બાળકોએ અનેકવિધ પ્રવૃતિઓ જેમ કે પેપરક્રાફ્ટ, વેસ્ટ ટુ બેસ્ટ, યોગ, મૈત્રીની રમતો, ભાવનગર શહેરને ઓળખો પ્રોજેકટ, કુંભારના ચાકડાની મદદથી માટીના વાસણો બનાવવા તથા પોલીસ સ્ટેશનોની મુલાકાત વિગેરે પ્રવૃતિઓ સંસ્થાના કાર્યકરો, તરૂણસેનાનાં સભ્યો તથા બાલ દોસ્ત શ્રી બાબુભાઈ અને શ્રી

જાગૃતભાઈની મદદથી કરી હતી.

આમ એક તરફ આ પ્રકારે વેકેશન શિબિર યોજાઈ હતી, જયારે બાળકોમાં નેતૃત્વ શકિતનો વિકાસ થાય અને તેઓ નેતૃત્વ કરતા થાય તે માટે બાલસેનાનાં સક્રિય બાળ સભ્યો સાથે શૈશવ સંસ્થાના હોલમાં વિશેષ નેતૃત્વ શિબિર યોજાઈ હતી અને તેનું સમગ્ર સંચાલન તરૂણસેનાનાં સભ્યોએ કરી લીડરશીપની નૂતન પહેલ કરી હતી. આ વિશેષ શિબિરમાં ૪૫ બાળકો સહભાગી થયા હતા, તેઓની સાથે બાળ અધિકાર, સંગઠન, નેતૃત્વ, પ્રોજેકટ વર્ક, પેપર ક્રાફટ, વેસ્ટ ટે બેસ્ટ, બેંક-ફાયરબ્રિગેડ જેવી સંસ્થાઓની પ્રત્યક્ષ મુલાકાત વિગેરે યોજવામાં આવ્યાં હતાં.



આ ઉપરાંત આ સક્રિય બાળ સભ્યો તથા તરૂણ સેનાના સભ્યો સાથે ગ્રામ દક્ષિણામૂર્તિ-આંબલા તથા લોક વિદ્યાલય-મણાર ના ઉમદા સહયોગથી તા. ૧૦-૧૧ મે અને તા. ૨૩-૨૪ મે ના રોજ બે દિવસીય શિબિરો યોજયા હતા. આ શિબિરોમાં નેતૃત્વ, ટીમવર્ક, સંગઠન અને સ્વવિકાસના મુદ્દાઓની તાલીમ યોજવામાં આવી હતી. વેકેશન શિબિરની પૂર્ણાહૂતિ તા. ૩૧ મે ના રોજ શ્રી બી. એમ. કોમર્સ હાઈસ્કૂલના આચાર્ય અને બાળ દોસ્ત શ્રી પરેશભાઈ ત્રિવેદી તથા શ્રી દોલત અનંત વળિયા સ્કૂલના ટ્રસ્ટી અને બાલદોસ્ત શ્રી અચ્યુતભાઈ મહેતાના વિશેષ સાંનિધ્યમાં યોજવામાં આવી હતી. સમગ્ર કાર્યનું સંચાલન બાળકોએ કર્યુ હતું. જુદા-જુદા વિસ્તારના બાળકોએ તૈયાર કરેલ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી, આ પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં ૪૧૨ બાળકો ઉપસ્થિત રહયા હતાં.








**બચતબેંકનો વાર્ષિક કાર્યક્રમઃ**
બચતબેંકનો વાર્ષિક કાર્યક્રમ ૫ જુલાઈના રોજ આઈડીબીઆઈ બેંકના ઓફિસર તથા બાલદોસ્ત શ્રી મુલ્લારામભાઈ તથા આશિષભાઈની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો અને તેમાં કુલ ૨૩૫ બાળકો જોડાયા હતા.

**બાલસેનાના હોદ્દેદારોની ચૂંટણી**
બાલસેનાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી માટે કાઉન્સીલના સભ્યો ૨૬ જૂલાઈના રોજ ઉપસ્થિત રહયા હતાં અને વિશિષ્ટ ચૂંટણી પ્રક્રિયા હાથધરી હતી. શ્રમજીવી અખાડા વિસ્તારની કાજલ અધ્યક્ષ તરીકે તથા ભરતનગર વિસ્તારમાંથી અક્ષય ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ ચૂંટણી કાર્યક્રમમાં શૈશવના બાલદોસ્ત તથા પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણાએ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી બાળકોને બિરદાવવાની સાથોસાથહાલની દુનિયાની પરિસ્થિતિ અને પડકારોની જાણકારી આપી વિશેષ જાગૃતિ માટે અનુરોધ કર્યો હતો.

**પ્રોજેક્ટ ભાવનગર :**
બાલસેનાના બાળકો ભાવનગરના ઈતિહાસને જાણે, ભૌગોલિક રીતે પરિચિત થાય તેમજ સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક ગતિવિધી-પ્રવૃત્તિઓ તથા સ્વાતંત્ર્ય ચળવળમાં ભાવનગર, રાજ્ય પરિવારનું પ્રદાન તથા ભાવનગરના શ્રેષ્ઠીઓના જીવન-કવન વિષે માહિતગાર થાય તેવા હેતુથી પ્રોજેક્ટ ભાવનગરનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રોજેક્ટ કેવી રીતે તૈયાર થાય, કેવી કામગીરી કરવી પડે તથા આ નિમિતે વિવિધ અગ્રણીઓને મળવું, તેઓના પ્રતિભાવ, મંતવ્ય અને માહિતી મેળવવી, વિશ્લેષણ કરવું અને તેનું પ્રેઝન્ટેશન કરવું આ બધી બાબતો પણ શીખવા મળે તે પણ અત્યંત મહત્વનું છે.

બાલસેનાના બાળકોએ યુ.એસ.એ.થી આવેલ વોલન્ટીયર કૂહુ ભાલના નેતૃત્વમાં તથા સંસ્થાના કાર્યકરોની મદદથી કાર્ય શરૂ કર્યુ. વિવિધ પુસ્તકો મેળવ્યા આ ઉપરાંત પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહજી રાણા, શ્રી અજયભાઈ પાઠક તથા ઈતિહાસવિદ ડો. શ્રી પી. જી. કોરાટ સાહેબની સાથે રૂબરૂ વાર્તાલાપ કર્યો હતો. હજી અન્ય મહાનુભાવોને મળવાનું પણ ચાલું છે. શ્રી પી. જી. કોરાટ સાહેબે વિશેષ માર્ગદર્શન પણ આપ્યું અને પ્રથમ ચરણના ભાગરૂપે 'પ્રોજેક્ટ ભાવનગર'નું નાનકડું પ્રદર્શન તૈયાર કર્યુ અને ૧૫ ઓગષ્ટના રોજ માનનીય શ્રી પી. જી. કોરાટસાહેબ તથા અન્યોની ઉપસ્થિતિમાં ખૂલ્લું મુકવામાં આવ્યું હતું.

હાલમાં આ પ્રથમ તબકકાનું પ્રદર્શન બાલસેનાના અલગ-અલગ વિસ્તારોમાં બતાવી બાળકોને માહિતી આપવામાં આવી રહી છે.

**૧૩મો વાર્ષિકોત્સવ :**

શૈશવ પ્રેરિત બાલસેનાનો ૧૩મો વાર્ષિકોત્સવ તા. ૨૭-૧૨-૨૦૧૫ રવિવારના રોજ  સવારે ૮:૩૦ થી સાંજે ૫:૦૦ દરમ્યાન શ્રી બી.એમ.કોમર્સ હાઇસ્કુલ ખાતે ઉજવવામાં આવ્યો હતો, જેમાં ૭૮૪ બાળકોએ ભાગ લીધો હતો.






**ચાઈલ્ડ રાઈટ ઓડીટ :**
બાળ અધિકાર સમૂહ-ગુજરાતના ઉપક્રમે બાળકો દ્વારા બાળકોના પ્રશ્નો-સમસ્યાઓને ઉજાગર કરવા માટે 'ચાઈલ્ડ રાઈટ ઓડીટ' શૈશવ સંસ્થાની જેમ અન્ય સંસ્થાઓને જોડીને કરવામાં આવી રહ્યું છે. આના અનુસંધાનમાં બાલસેનાના ૧૧૦ બાળકોએ આ અંગે તાલીમ પ્રાપ્ત કર્યા પછી શહેરના ૧૨ વિસ્તારોમાં સંશોધન અંગેના આઠ ટૂલ્સની મદદથી માહિતી એકત્રીકરણનું કાર્ય કરી રહયા છે, જેમાં અંદાજે ત્રણેક હજાર ઉપરાંત બાળકો અને વાલીઓને આવરી લેવામાં આવ્યા છે. આ માહિતી એકત્રિત કર્યા પછી બાળકો જાતે તેનું વિશ્લેષણ કરી અહેવાલ તૈયાર કરશે.

**કિશોર સંમેલન :**
તા. ૩ જાન્યુઆરીના રોજ વિદ્યાવિહાર શાળા ખાતે કિશોરવસ્થાના શારીરીક-માનસિક અને ભાવનાત્મક ફેરફારો તથા સુરક્ષા અને કાળજીના પ્રશ્નો અંગે કિશોરોને સાચી સમજણ મળે તે માટે વિશેષ કિશોર સંમેલન શ્રી ગૌરાંગભાઈ જાની (પ્રોફેસર અને અધ્યક્ષ સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિ.) ના મુખ્ય મહેમાન પદે યોજવામાં આવ્યું હતું. અનેકવિધ પ્રવૃતિઓના માધ્યમથી સંસ્થાના કાર્યકરોએ કિશોરો સાથે તાલીમ યોજી હતી, અને બપોર બાદ સંમેલનમાં બાળકોએ પ્રતિભાવો આપ્યા હતા જયારે ઉપસ્થિત મહેમાન શ્રી ગૌરાંગભાઈએ બાળકો સાથે પ્રશ્નોતરી અને વાતચીતની માધ્યમથી ખૂબ જ સરળ અને વાતચીત કરતાં કરતાં કિશોરવસ્થાના પ્રશ્નો અંગે સમજણ આપી સૌને પ્રોત્સાહીત કર્યા હતાં.આ કિશોર સંમેલનમાં કુલ ૨૬૧ કિશોરો ઉપસ્થિત રહયા હતાં.

પ્રશ્નોતરી અને વાતચીતની માધ્યમથી ખૂબ જ સરળ અને વાતચીત કરતાં કરતાં કિશોરવસ્થાના પ્રશ્નો અંગે સમજણ આપી સૌને પ્રોત્સાહીત કર્યા હતાં.આ કિશોર સંમેલનમાં કુલ ૨૬૧ કિશોરો ઉપસ્થિત રહયા હતાં.

**કિશોરી સંમેલન :**
તા. ૧૦ જાન્યુઆરીના રોજ વિદ્યાવિહાર શાળા ખાતે કિશોરીઓ માટે વિશેષ કિશોરીસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૧૫ કિશોરીઓ અને ૧૬ શિક્ષકો સહભાગી થયા હતાં. આ સંમેલનમાં શારિરીક માનસિક અને ભાવનાત્મક ફેરફારોના અનુસંધાનમાં બોડીમેપીંગ, ઓનલાઈન સેફ્ટી, સ્વરક્ષણ, રોલ મોડેલ, મૈત્રી જેવા મુદ્દાઓ અંગે તાલીમ આપવામાં આવી હતી.

**રાષ્ટ્રસંઘ ઘોષિત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંગે ચર્ચા :**
રાષ્ટ્રસંઘ દ્વારા 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ' ઘોષિત થયા છે. આ ધ્યેયો અંગે બાલસેનાના બાળકો વચ્ચે તા. ૧૬ જુનના રોજ ચર્ચા યોજવામાં આવી હતી. શરૂઆતમાં આ ધ્યેયો શું છે? શા માટે ? તેના આધારે નીતિઓ કેવી રીતે તૈયાર છે ? વગેરે મુદાઓની રજૂઆત બાદ બાળકોને સ્પર્શતા મુદાઓને લઇને ખાસ કરીને શિક્ષણ-આરોગ્ય-સલામતી જેવા મુદાઓની ચર્ચા કરવામાં આવી હતી. બાળકોએ પોતાના અનુભવોને આધારે મંતવ્ય વ્યકત કર્યા હતા. સાથે જણાવેલ કે આ અંગે સૌની જાગૃતિ કેળવાય તે મહત્વનું છે તેના માટે વિશેષ પ્રચાર થવો જોઇએ. આમ બાલસેનાના બાળકોએ આંતરરાષ્ટ્રીય સમજૂતી અંગે સમજણ પ્રાપ્ત કરી હતી.

**બાળકોની રાષ્ટ્રીય નીતિ :**
કેન્દ્ર સરકાર દ્વારા બાળકોની સુરક્ષા, કાળજી અને વિકાસ માટે નવી રાષ્ટ્રીય નીતિ જાહેર કરવામાં આવી છે. જો કે આ અંગે બાળશિક્ષણ સાથે કે બાળકે સાથે જોડાયેલા લોકો પણ જાણકાર નથી હોતા કે પછી ઉદાસીન જોવા મળે છે. આ નીતિના અનુસંધાનમાં બાલસેનાના તા. ૭ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ સમગ્ર મુસદાનો ચર્ચા વિચારણા કરી પોતાના અભિપ્રાયો - મૂદાનો વગેરે બાળકોના અધિકારના રક્ષણ માટે બનેલ રાષ્ટ્રીય બાળ આયોગને મોકલ્યા હતા. આમ બાળકોને રાષ્ટ્રીય નીતિ અંગે સમજણ મેળવવા ઉપરાંત તેને લઇને બાળકો પર કેવી અસરો થઇ શકે છે તે અંગે પણ જાણકારી મેળવી હતી.

**બાલસેનાના બાળકો બન્યા ટીવી ચેનલના રીપોર્ટર :**
ગોઈંગ ટુ સ્કુલ દિલ્હી સ્થિત સંસ્થા બાળકોના મૂદા પર કાર્યરત કમ્યુનિકેશન સંસ્થા છે, તેઓ દ્વારા એક વિશેષ પ્રોજેક્ટ સ્ટાર ચેનલ માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે, આ પ્રોજેકટના થાઈરોટ એપિસોડ અંગે તેઓ ભાવનગર આવી બાલસેનાના ૮ બાળકોને ૧ થી ૩ ડીસેમ્બર દરમ્યાન તાલીમ આપી હતી અને ત્યારબાદ ભાવનગરની વિશિષ્ટતાઓને સાંકળી લઇ પર્યાવરણ અંગેના પ્રશ્નો અંગે તા. ૪ ડીસેમ્બરે ફિલ્માંકન કર્યું હતું. જેમાં બાલસેનાના બાળકોને વિડીયો રીપોર્ટર અંગે ભૂમિકા ભજવી નવીન અનુભવ પ્રાપ્ત કર્યો હતો.

**આઈ આઈ એમ - અમદાવાદમાં બાલસેનાના બાળકો :**
દેશની વિખ્યાત મેનેજમેન્ટ સંસ્થા ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ દ્વારા બાલસેનાની બાળ સંગઠન અંગે જાણકારી આપવા આમંત્રીત કરવામાં આવતા, તા. ૧૫-૧૨-૨૦૧૫ ના રોજ બાલસેનાના સભ્યો ચિરાગ, જીગર અને ગાયત્રીએ આઈ આઈ એમના વિદ્યાર્થીઓ સમક્ષ બાલસેના વિષે, બાળ અધિકાર અંગે, સંગઠનના હેતુઓ - કાર્યક્રમો તથા પોતાનામાં આવેલ પરિવર્તન અંગે વાતો કરી હાજર સૌના દિલ જીતી લીધા હતાં.



## આંકડાકીય માહિતી :

### બાળકો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃતિઓ :

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બાળકો દ્વારા કાર્યક્રમો | ૧૧૨ | ૧૩૬૩ | ૧૨૦૬ | ૨૫૬૯ |
| ૨ | કાઉન્સીલ મિટીંગ | ૭ | ૧૩૦ | ૧૦૭ | ૨૩૭ |
| ૩ | સીનિયર મિટીંગ | ૧૦ | ૮૧ | ૬૯ | ૧૫૦ |
| ૪ | ભાવનગરના સ્થળોની મુલાકાત | ૪૮ | ૪૯૨ | ૪૨૬ | ૯૧૮ |
| ૫ | રીસોર્સ પર્સનની સેવાઓ | ૬ | ૨૭૮ | ૨૭૫ | ૫૫૩ |



### કાર્યકરો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃતિઓ :

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શૈશવ દ્વારા જૂથના કાર્યક્રમ | ૫૨૫ | ૭૦૪૨ | ૫૯૪૫ | ૧૨૯૮૭ |
| ૨ | શૈશવ દ્વારા જૂથના સંયુકત કાર્યક્રમ | ૨૬ | ૧૪૧૭ | ૧૧૦૧ | ૨૫૧૮ |
| ૩ | શૈશવ દ્વારા જૂથની સંયુકત તાલીમ | ૧૩૬ | ૨૪૯૧ | ૧૬૫૭ | ૪૧૪૮ |
| ૪ | કિશોરી મેળા | ૫ | - | ૬૬૩ | ૬૬૩ |
| ૫ | શૈશવ દ્વારા નેતૃત્વ તાલીમ | ૧૧ | ૩૧૫ | ૧૪૩ | ૪૫૮ |
| ૬ | શૈશવ દ્વારા એક દીવસીય તાલીમ | ૩૩ | ૪૫૦ | ૩૧૯ | ૭૬૯ |
| ૭ | કિશોર મંડળ પ્રવૃતિ | ૬૫ | ૯૬૯ | - | ૯૬૯ |
| ૮ | કિશોરી મંડળ પ્રવૃતિ | ૧૧૩ | | ૧૪૬૨ | ૧૪૬૨ |
| ૯ | વાર્ષિક સંમેલન | ૧ | ૪૨૨ | ૪૮૭ | ૯૦૯ |
| ૧૦ | સ્વરક્ષણ વેનલીડો પરિચય તાલીમ | ૧૦ | - | ૪૧૦ | ૪૧૦ |
| ૧૧ | સ્વરક્ષણ વેનલીડો બેઝીક તાલીમ | ૩ | - | ૫૦ | ૫૦ |
| ૧૨ | બાલસેનાના બાળકોનું રાષ્ટ્રીય-રાજ્ય સ્તરે પ્રતિનિધિત્વ | ૫ | ૨૨ | ૧૧ | ૩૩ |
| ૧૩ | કિશોરી સંમેલન | ૧ | - | ૪૧૫ | ૪૧૫ |
| ૧૪ | કિશોર સંમેલન | ૧ | ૨૬૧ | - | ૨૬૧ |

બાળકોના પ્રશ્નો અને મુશ્કેલીઓમાં વિસ્તારના લોકો સક્રિયપણે સહભાગી થાય, નેતૃત્વ લઇને આગળ વધે તે માટે સામુદાયિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત કાર્ય થાય છે.

આ ઉપરાંત વિશેષ કરીને શાળામાં ભણતા બાળકો શાળામાં નિયમિત ટકી રહે - શાળા ના છોડે તેમજ શાાળા છોડી દિધેલ બાળકો ફરી દાખલ થાય અને વિશેષ કરીને માધ્યમિક શાળામાં આગળ ભણતા રહે તે માટે ઘર-ઘરની મૂલાકાત, ફળિયા મીટીંગ વિ. ના માધ્યમથી નિયમિત ફોલોઅપ કરવામાં આવે છે, જેના ઉત્તમ પરિણામો મળી રહ્યા છે. આ ઉપરાંત વિસ્તારના પ્રશ્નો અંગે લોકોમાં જાગૃતિ આવે-સંગઠિત પ્રયાસો કરે તે માટે લોક સમર્થન મંચ ની રચના કરવામાં આવી છે. આ વર્ષે પણ વિસ્તારના કેટલાક પ્રશ્નોના નિરાકરણ આવેલ છે જયારે હજુ પણ કેટલીક સમસ્યાઓ ઉભી છે. વર્ષ દરમ્યાન થયેલ મુખ્ય કામગીરી નીચે મુજબ છે.

**''બાળ મજૂરી વિરોધી દિવસ'' ૩૦ એપ્રિલ :**

બાળમજૂરીમાં જોડાયેલા બાળકો મજૂરી છોડી ફરી શાળામાં પ્રવેશ કરે અને ભાવનગર શહેર બાળમજૂરી મુકત શહેર તરીકે રાજય અને રાષ્ટ્રમાં આગવી ઓળખ પામે તે સંકલ્પ સાથે શૈશવ સંસ્થા દ્વારા બાળમજૂર વિરોધી ઝુંબેશ તા. ૩૦/૪/૨૦૧૫ ના રોજ રાષ્ટ્રીય બાળ મજૂર વિરોધી દિવસ ભાવનગરના ગંગા જળીયા તળાવના કિનારે આયોજન કરવામાં આવ્યું હતું.
આ કાર્યક્રમમાં પ્રદર્શન બાળમજૂરી વિરોધી સૂત્રોચ્ચાર, તેમજ પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેરના લોકો



પાસે પણ પોતે બાળમજૂરીને પ્રોત્સાહન નહી આપે તથા દરેક બાળક શિક્ષણ મેળવે તે માટે જાગૃત બને તે સંકલ્પ સાથે તેઓની સહી દ્વારા સહમતી દર્શાવતો સહી ઝૂંબેશ કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો.

દરેક બાળકો શાળામાં અને બાળમજૂરી મુકત ભાવનગરના સંકલ્પ સાથે શરૂ કરાયેલ આ બાળમજૂરી વિરોધી ઝુંબેશના સમર્થનમાં શહેરના મેયર શ્રી બાબુભાઇ સોલંકી, આસિ. લેબર કમિશ્નર શ્રી ગામેતી આસિ. લેબર ઓફિસર શ્રી કોષ્ટી તથા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન શ્રી રાજીવભાઇ પંડયા ઉપસ્થિતિ રહયા હતા અને પોતાના હસ્તાક્ષર કરી બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષણને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી.

ત્યારબાદ ૩૦ એપ્રિલથી લઇને ૧૨ જૂન સુધી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં જઇને બાળકોએ મજૂરી શા માટે ન કરવી જોઇએ તે અંગેની જનજાગૃતિ તથા ચાઇલ્ડ હેલ્પ લાઇનની માહિતી સૌને મળે તે માટે શેરીનાટક, બાળ અધિકાર પ્રદર્શન અને પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો ઉમદા પ્રતિસાર મળ્યો હતો, આ દરમ્યાન ૨૦,૦૦૦ ઉપરાંત પત્રિકાઓ વિતરણ કરવામાં આવી હતી.

**પ્રવેશોત્સવ :**
જુદા-જુદા વિસ્તારના જેમની ઉંમર ૩ વર્ષ થઈ ગઈ હોય અને આંગણવાડીમાં ન જતા હોય તેવા બાળકો અને માતા-પિતાને મળી-સમજાવીને કુલ ૨૨૪ બાળકોને આંગણવાડીમાં દાખલ કરાવ્યા હતાં.

શાળા પ્રવેશ કાર્યના ભાગ રૂપે જુદા-જુદા વિસ્તારના ૪૬૩ બાળકોને શાળામાં ધોરણ-૧માં દાખલ કરાવ્યા હતાં. આ ઉપરાંત ૬ થી ૧૪ વર્ષની વચ વચ્ચેના ૧૩૮ બાળકોને તેમની ઉંમરને ધ્યાનમાં લઈ જે તે ધોરણમાં પ્રવેશ કરાવ્યો હતો, જયારે ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના ૧૩૮ બાળકોને માધ્યમિક શિક્ષણ માટે શાળામાં પ્રવેશ મેળવવામાં મદદ કરી હતી. આ ઉપરાંત ૬ થી ૧૪ વર્ષના મજૂરી કરતા ૨૬ બાળકો તથા ૧૫ થી ૧૮ વર્ષની ઉંમરના ૬ બાળકોને શાળામાં દાખલ કરાવ્યા હતા. આમ કુલ ૯૯૫ બાળકો શાળામાં દાખલ થયા હતા.

જે બાળકોએ એક યા બીજા કારણોસર શાળા / અભ્યાસ વચ્ચેથી છોડયો હોય તેવા બાળકોને પ્રોત્સાહીત કરીને ધો. ૧૦ ની સીધી પરિક્ષા આપવા સમજાવ્યા હતા.,આમ કુલ ૫૮૨ બાળકો પરીક્ષા આપવા તૈયાર થયા હતા.

**વાલી સંમેલન :**
૨૭ ડીસેમ્બરના રોજ બાલસેના વાર્ષિકોત્સવ સાથે વાલી સંમેલનનું બપોરે ૦૨:૩૦ થી ૦૫:૦૦ દરમ્યાન બી. એમ. કોમર્સ હાઈસ્કૂલ ખાતે આયોજન શ્રી રાજેશભાઈ ભટ્ટ (સ્વપથસંસ્થા) અમદાવાદના સાંનિધ્યમાં કરવામાં આવ્યું હતું. આ વાલી સંમેલ્નમાં ૧૯૦ લોકો અલગ અલગ વિસ્તારમાંથી ઉપસ્થિત રહયા હતાં. વાલી સંમેલનમાં શૈશવના કાર્યોની માહિતી આપવામાં આવી હતી, આ ઉપરાંત વાલીઓએ પોતાના પ્રતિભાવ આપ્યા હતાં. આ પ્રસંગે પધારેલા શ્રી રાજેશભાઈ લોક જાગૃતિ-જવાબદારી અને પંચાયતીરાજના માળખાને લઈ પ્રેરણાત્મક વાતો કરી હતી.

**મજૂરી કરતા બાળકો માટે વિશેષ શિબિર :**
મજૂરી કરતા બાળકો જીવનના હકારાત્મક અભિગમને ઓળખે, શાળા શિક્ષણ તરફ પાછા વળે તે માટે ૩૦ અને ૩૧ ઓકટોબર તથા ૧૨ અને ૧૩ માર્ચના રોજ વિશેષ શિબિરયોજી હતી, જેમાં ૧૦૩ બાળકોએ ભાગ લીધો હતો. આ શિબિરમાં જુદી-જુદી પ્રવૃત્તિઓ-ફિલ્મના માધ્યમથી તાલીમ આપવામાં આવી હતી. આ બાળકો અને કુટુંબોના નિયમિત ફોલોઅપ કરવામાં આવી રહ્યા છે.





## આંકડાકીય માહિતી :

| ક્રમ | વિગત | કુલ મીટીંગ | M | F | T |
|---|---|---|---|---|---|
| ૧ | ફળિયા મીટીંગ | ૭૦ | ૨૮૬ | ૫૩૨ | ૮૧૮ |
| ૨ | લોક સમર્થન મંચ મીટીંગ | ૬૨ | ૬૨૮ | ૧૩૨૧ | ૨૩૪૯ |
| ૩ | બાળ સુરક્ષા સમિતિ | ૨૩ | ૧૨૧ | ૧૪૦ | ૨૬૧ |
| ૪ | શિક્ષકો સાથે મીટીંગ | ૭ | ૧૨૮ | ૮૯ | ૨૧૭ |
| ૫ | વોર્ડ કમીટી મીટીંગ | ૮ | ૧૭૬ | ૧૮૮ | ૩૬૪ |
| ૬ | ઓફિસર/નગરસેવક સાથે મીટીંગ | ૧૦ | ૪૫ | ૬૫ | ૧૦૧ |
| ૭ | શાળા વ્યવસ્થાપન સમિતિ તાલીમ | ૩ | ૨૭ | ૩૮ | ૬૫ |
| ૮ | આંગણવાડી પ્રવેશ | - | ૨૨૧ | ૩૩૦ | ૫૫૧ |
| ૯ | શાળા પ્રવેશ | - | ૪૮૩ | ૩૨૦ | ૮૦૩ |
| ૧૦ | સરકારી યોજનાઓની માહીતી આપી | - | ૧૦૯૦ | ૨૦૪૧ | ૩૧૩૧ |
| ૧૧ | સરકારી યોજનાની સહાય મેળવનાર લોકો | - | - | - | ૩૬૮ |
| ૧૨ | જાગૃતિ અને માહિતી માટેની વિવિધ પત્રિકા વિતરણ | - | - | - | ૩૦,૦૦૦ |

## તરૂણસેના

તરૂણસેનાના સભ્યો દિનપ્રતિદિન સંસ્થાના કાર્યોમાં વિશેષ જવાબદારીઓ સંભાળી નેતૃત્વ લઇ યોગદાન આપી રહયાં છે. બાલસેનાના બાળકો માટેનો વેકેશન શિબિર - ખાસ કરીને સક્રિય બાળકોના જૂથની વિશિષ્ટ તાલીમનું આયોજન અને અમલીકરણ તરૂણસેનાએ કર્યુ હતું. બાલસેનામાં બાળકોની બચત પ્રવૃતિ પણ કુંભારવાડા વિસ્તારમાં એરીયા રીસોર્સ સેન્ટર - કમ્પ્યુટર સેન્ટરનું સંચાલન તથા બાલસેનાના ૧૨ કેન્દ્રોનું સંચાલન પણ તરૂણસેનાનાં સભ્યો કરી રહ્યા છે ! આમ તેઓ પહેલ કરી નેતૃત્વ લઇ આગળ વધી રહ્યા છે.



- તરૂણસેનાના સભ્યોએ શૈશવ સંસ્થા દ્વારા યોજાતી સ્ટાફ તાલીમોમાં નિયમિત ભાગ લઇ બાળ અધિકારો, બાળકોના કાયદાઓ, સ્વવિકાસ અને જીવન કૌશલ્યો જેવી તાલીમો સમગ્ર વર્ષ દરમ્યાન પ્રાપ્ત કરી હતી.

- તરૂણસેનાનાં સભ્યોની ક્ષમતા - સામર્થ્યનો વિકાસ થાય તે માટે વિવિધ કાર્યક્રમો ઉપરાંત તેઓને શૈશવના કાર્યકરો દ્વારા અન્ય સંસ્થાની તાલીમો થતી હોય ત્યારે જોડવામાં આવે છે અને તેઓ તાલીમકાર તરીકેની ભૂમિકા ભજવતા હોય છે. આ દરમ્યાન તરૂણસેનાનાં સભ્યો બાળ અધિકાર, કિશોરી મંડળ, મૈત્રીની રમતો, વેનલીડો - સ્વરક્ષણ જેવી તાલીમો અન્ય સંસ્થાઓને આપવામાં સહયોગી થયા હતાં.

**યુવા પ્રેરણા યાત્રા :**

- ૫ થી ૧૪ એપ્રિલ દરમ્યાન ઉતરાખંડમાં યોજાયેલ વિશેષ યુવા પ્રેરણા યાત્રામાં તરૂણસેનામાંથી દક્ષાબહેન અને વિપુલભાઇએ પ્રતિનિધિત્વ કર્યુ હતું. આ યુવા પ્રેરણાયાત્રા હરિદ્વાર થી શરૂ કરી હરિદ્વાર પરત ફરી હતી, આ દરમ્યાન વચ્ચે આવતા ગામો - વિશિષ્ટ સ્થળોની મુલાકાત ઉપરાંત જુદા - જુદા રાજયમાંથી આવેલ તરૂણો સાથે એકમેકનો પરિચય, સંસ્કૃતિ, ભોજન, રહેણી કરણી દ્વારા મૈત્રીનું પ્લેટફોર્મ ઉભું થતુ હતું. તેમજ મુંજવણોના પ્રશ્નો - પડકારો, પર્યાવરણના પ્રશ્નો જેવા મુદાઓ પર તાલીમો પણ યોજાતી હતી. આ અનુભવ ઉત્તમ રહયો હતો.

● સુરત ખાતે ૨૪ મે ના રોજ *"National Woman Conclave"* નું આયોજન થયું હતું, જેમાં તરૂણસેના વતી નિરાલીબહેન અને દ્રષ્ટિબહેને ભાગ લીધો હતો.

● કુંભારવાડામાં કાર્યરત શૈશવ કમ્પ્યુટર સેન્ટરમાં ભાવસિંહજી પોલીટેકનીકના સહયોગથી ડીટીપી નો ૩ મહિનાનો કોર્સ જુન ૨૦૧૫માં પૂર્ણ થયો હતો. અને તેમાં ૨૦ યુવાનો જોડાયા હતા. જ્યારે તા.૦૧ ઓગષ્ટ ૨૦૧૫ થી તા. ૩૧ ઓકટોબર ૨૦૧૫ દરમ્યાન કમ્પ્યુટર હાર્ડવેર કોર્સની તાલીમમાં ૨૦ યુવાનો જોડાયા હતા.

● ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે તા. ૧૧-૧૨ જુલાઇ દરમ્યાન 'પર્યાવરણ અને કેન્સર' પરિસંવાદમાં તરૂણસેનાના વિપુલ, દક્ષા, દ્રષ્ટિ અને નિરાલીએ ભાગ લીધો હતો.

● રામકૃષ્ણ મીશન વડોદરા દ્વારા 'આંતરરાષ્ટ્રીય યૂવા પરિષદ'નું આયોજન ૧૦-૧૧ ઓગષ્ટ દરમ્યાન યોજાઈ હતી, તેમાં તરૂણસેનાના વિપુલ અને નિરાલીએ પ્રતિનિધિત્વ કર્યું હતું.

**તરૂણસેનાનો વાર્ષિક કાર્યક્રમઃ**

● તરૂણસેનાનો ૯મો વાર્ષિક કાર્યક્રમ તા. ૭ ફેબ્રુઆરીના રોજ સંસ્થામાં યોજાયો હતો. પ્રથમ ધ્વજવંદન તથા તરૂણસેનાના થીમ સોંગ બાદ સૌએ સાથે મળીને ભોજન તૈયાર કરી સાથે જમ્યા પછી 'ઓનલાઈન સેફટી' ના મહત્વના મુદ્દા પર પારૂલબહેન દ્વારા આપવામાં આવેલ તાલીમમાં જોડાયા હતા.

**વિશેષ ગૌરવ**

તરૂણસેનાના સક્રિય સભ્ય વિપુલ ચાવડા અશોકા ઈન્ટરનેશનલના યુથવેન્ચર કાર્યક્રમ - જે યુવાનો કંઈક કરી બતાવવા ઈચ્છે છે તેઓની લીડરશીપ વિકસે તે માટેના આ કાર્યક્રમમાં યુથવેન્ચર ફેલો તરીકે ગુજરાતમાંથી એકમાત્ર પસંદગી થઈ છે. આ માટે ૨૧ અને ૨૨ ડીસેમ્બરના રોજ બેંગ્લોર ખાતે સમગ્ર દેશમાંથી આમંત્રિત કરાયેલ યુવાનોના સઘન ઈન્ટરવ્યુ, પ્રેઝન્ટેશન અને ગોષ્ઠિ જેવા કાર્યો દ્વારા પસંદગી કરવામાં આવી હતી.

આમ, વિપુલે સમગ્ર ભાવનગર શહેર, શૈશવ તથા તરૂણસેનાનું ગૌરવ વધાર્યુ હતું. આપણે જાણીએ છીએ કે અગાઉ યોજેલ કોમનવેલ્થ સોસાયટીના એસોસીએટ ફેલો તરીકે પણ વિપુલની પસંદગી થઈ હતી, અભિનંદન !

● આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે ઓળખ સંસ્થા, વડોદરા દ્વારા આયોજિત 'સ્વ થી સમસ્ત' કાર્યક્રમમાં વિખ્યાત મહિલા

ચળવળકાર કમલાભસીન ના વાર્તાલાપમાં તરૂણસેનાના વિપુલ, શિવાની, દક્ષા તથા ઇશાએ ભાગ લીધો હતો.



- તરૂણસેના સંચાલિત એરીયા રીસોર્સ સેન્ટરમાં કમ્પ્યુટર તાલીમ ઉપરાંત જીવન કૌશલ્યો, પર્યાવરણ, ક્રાફટ, રમતગમત તથા શૈક્ષણિક પ્રવૃતિઓ પણ યોજાતી રહે છે. વર્ષ દરમ્યાન ૧૮ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ૬૧૫ બાળકો સહભાગી થયા હતા.

- કુંભારવાડામાં કમ્પ્યુટર સેન્ટર પર વર્ષ દરમ્યાન ૧૩૩ બાળકોએ એમ.એસ.ઓફિસ, કમ્પ્યુટર ફન્ડામેન્ટલ, ગુજરાતી ટાઈપીંગ, ડીટીપી તથા હાર્ડવેરની તાલીમ સફળતાપૂર્વક હાંસલ કરી હતી.






**ચાઇલ્ડ હેલ્પલાઇન - ૧૦૯૮**
મુશ્કેલીમાં મુકાયેલા બાળકોને ત્વરિત સહાય પહોંચાડવાના હેતુથી કાર્યરત શૈશવ ચાઇલ્ડ હેલ્પલાઇન ભાવનગર - ૧૦૯૮ વધુ અસરકારક બની રહી છે. આ વર્ષ દરમિયાન ચાઇલ્ડલાઇનની થયેલી કામગીરી આ પ્રમાણે છે.

**ચાઇલ્ડ સેફ્ટીનેટ**
ભાવનગર ચાઇલ્ડલાઇન દ્વારા શહેરમાં ચાઇલ્ડ સેફ્ટીનેટ તૈયાર કરી એક નૂતન પહેલ કરવામાં આવી છે, જેમાં શહેરના તમામ મુખ્ય રસ્તાઓ, જાહેર સ્થળો, શાળાઓ તેમજ નાના રસ્તાઓ - ગલીઓ વિગેરેની નજીકમાં રહેતા નાગરિકો, દુકાનદારો, શાકભાજી વેચનારા, રીક્ષા ડ્રાઇવર્સ, શિક્ષકો તથા અનેકવિધ વ્યવસાયમાં કાર્યરત એવા સ્વયંસેવક લોકોનું જૂથબનાવવામાં આવ્યું છે. આ સ્વયંસેવકોની પોતાના રોજબરોજના કાર્ય દરમિયાન તકેદારી પૂર્વકની દ્રષ્ટિ બાળક સાથે કંઇ અઘટિત થાય તે પહેલા મુંઝાયેલા બાળકને ઓળખી લે અને તેની મદદે ત્વરિત પહોંચી જાય અને ચાઇલ્ડ લાઇનને જાણ કરે અને આમ, બાળક પર મુશ્કેલી આવે તે પહેલા તેને યોગ્ય સહાય મળી શકે.

આમ, હાલમાં શહેરમાં કુલ ૨૧૦૫ સેફ્ટીનેટ સભ્યો બાળકની મદદ માટે કાર્યરત છે જેઓ સમયાંતરે મુશ્કેલીમાં મુકાયેલા બાળકની મદદ માટે ચાઇલ્ડલાઇનને જાણ કરી, મદદરૂપ થઇ રહયા છે.

**પ્રચાર-પ્રસાર, આઉટરીચ અને ઓપનહાઉસ**
ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮ની માહિતી શહેરના વધુ લોકો સુધી પહોંચે અને તેઓ ચાઇલ્ડ હેલ્પલાઇનની સેવાનો ઉપયોગ કરતા થાય તે હેતુથી ચાઇલ્ડ હેલ્પલાઇનના કાર્યકરો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સતત આઉટરીચ, નાઇટઆઉટરીચ, પત્રીકા વિતરણ તથા ઓપનહાઉસ કરી ચાઇલ્ડ હેલ્પલાઇનનો પ્રચાર પ્રસાર કરવામાં આવતો હોય છે. આ વર્ષ દરમ્યાન ભાવનગર શહેરના વિસ્તારો ૧૨૧ શાળાઓ તથા ૯૧ આંગણવાડીમાં ચાઇલ્ડલાઇનનો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. જયારે શિક્ષકો સાથે ૧૧૪ તથા વાલીઓ સાથે ૧૧૭ મીટીંગો યોજી હતી.

**ઓપન હાઉસ**
શહેરના જુદા-જુદા વિસ્તારોમાં બાળકો સાથે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવે છે, જેમાં બાળકો સાથે રહીને તેઓના પ્રશ્નોને સમજવા તથા તેના નિરાકરણ માટે શું કરી શકાય તેની ચર્ચા કરવામાં આવતી હોય છે.

આ ચર્ચાઓના આધારે ચાઇલ્ડલાઇનની ટીમ જે તે સરકારી વિભાગો સાથે સંકલન કરી પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયત્ન કરતી હોય છે.

આ વર્ષ દરમ્યાન ૪૫ જેટલા ઓપન હાઉસ યોજયા હતા આ ઓપન હાઉસમાં પ્રાપ્ત થતા પ્રશ્નોમાં શાળાઓ જતા-આવતા રખડતા ઢોરની બીક આગળ અકસ્માત થવો, ગીચ ટ્રાફિક, સ્વચ્છતાના પ્રશ્નો, રમતગમતના મેદાનના પ્રશ્નો, વિસ્તારમાં

રસ્તાઓ, ગટરલાઇનના પ્રશ્નો, શાળામાં પાણી, કચરાપેટી કે ટોઇલેટના પ્રશ્નો, કિશોરીઓની છેડતીના પ્રશ્નો જેવાં મુદાઓ બહાર આવ્યા હતા.

**આઉટ રીચ**

આકસ્મિક કાર્ય/ સેવા માટે ઇમરજન્સી ફોન તો આવે આ ઉપરાંત ચાઇલ્ડલાઇનની ટીમ શહેરના વિવિધ વિસ્તારોમાં, શાળાઓમાં સતત ફિલ્ડકાર્ય કરતી હોય છે. આ દરમ્યાન માતા-પિતાને મળવું, બાળકોને મળવું, વિસ્તારના આગેવાનોને મળવું, લોકોને ભેગા કરી ચાઇલ્ડલાઇનની માહિતી આપવી વગેરે કાર્યો કરવામાં આવે છે. આ ફિલ્ડવર્ક - આઉટરીચને કારણે વર્ષ દરમ્યાન કર્યું. ૧૨૮ બાળકોના કેસ જુદા-જુદા મુદાઓ અંગેના મળી આવ્યા હતાં.



**સહાય માટે આવેલ કોલ**

ચાઇલ્ડ હેલ્પલાઇન - ૧૦૯૮ નો પ્રચાર-પ્રસાર થવા છતાં તેના પ્રમાણમાં ઉપયોગ કરવામાં સમાજની ઉદાસીનતા જોવા મળે છે. વર્ષ દરમ્યાન ૨૨૬ કોલ આવ્યા હતા, તે પૈકી ૬૧ કોલ માહિતી માર્ગદર્શન માટે તથા ૧૪૩ કોલમાં બાળકોના પ્રશ્નો અને ત્વરીત સહાય કરવાની જરૂર ઊભી થઇ હતી, જયારે ૨૨ જેટલા કોલ કેવળ પજવણી કરવા અને બિનઉપયોગી પણ આવ્યા હતા !

**ચાઇલ્ડલાઇન સલાહકાર સમિતિ**

ભાવનગર જિલ્લાના સરકારી તથા બિનસરકારી તંત્રો ભેગા મળી બાળકોના પ્રશ્નોની ચર્ચા કરી બાળ મૈત્રીપૂર્ણ વાતાવરણ સ્થાપવાની દિશામાં આગળ વધે તે હેતુથી ભાવનગર જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને સમયાંત્તરે ચાઇલ્ડલાઇન સલાહકાર સમિતિની મીટીંગનું આયોજન થતુ હોય છે. આ વર્ષ દરમ્યાન તારીખ ૩૦ જૂન, ૨૦૧૫ના રોજ, તેમજ ૧૬ જાન્યુઆરીએ ભાવનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ચાઇલ્ડલાઇન સલાહકાર સમિતિની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં ચાઇલ્ડલાઇનનો અહેવાલ રજૂઆત, વિવિધ કેસની ચર્ચા તથા તેમા પડેલી મુશ્કેલીઓ, બાળ સંરક્ષણ નીતિ અને તાલીમ અંગે ભાવિ આયોજનના મુદાઓ ઉપરાંત સરકારના વિવિધ વિભાગો સાથે બાળકોના પ્રશ્નો અંગેના સંકલન કાર્યની ચર્ચા કરવામાં આવતી હોય છે, અને સૌના ઉમદા સહયોગથી બાળકોના પ્રશ્નોનું નિરાકરણ થઇ શકે છે. આમ ચાઇલ્ડ લાઇન સલાહકાર સમિતિની નિયમિત મીટીંગો યોજાતી રહે તે માટે કલેકટરશ્રીનો પ્રોત્સાહક અભિગમ અને સહયોગ અમારા માટે ખૂબ જ મુલ્યવાન બની રહયો છે.

- આમ સમગ્ર વર્ષ દરમ્યાન કુલ ૩૩૬ બાળકોના કેસ આવ્યા હતા, જેમાં મેડીકલ સહાય, શૈક્ષણિક સહાય, મારપીટ અને શોષણ, ગુમ થયેલ બાળકો અંગે, બાળકો મળી આવતા માતા-પિતાને શોધવા માટે, આશ્રમ માટે, છેડતી, એડમીશન, વિકલાંગતા, સીંગલ પેરેન્ટસના બાળકો, બાળલગ્ન જેવાં અનેકવિધ મુદાઓ હતા, આ માટે સરકારના અનેકવિધ વિભાગો વગેરેની સહાયથી મોટા ભાગના બાળકોના કેસનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

- ભાવનગર જિલ્લાની તમામ શાળાઓમાં બાળસુરક્ષા નીતિનો સ્વીકાર થાય તથા બાળ સુરક્ષા સમિતિ બને તે અંગે સતત ફોલોઅપ કરવામાં આવતા વલ્લભીપુર, ઘોઘા પાલીતાણા, ગારીયાધાર, મહુવા તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓમાં તેની રચના થઈ ગયેલ છે. આ કાર્ય અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી બી. ડી. વરૂ સાહેબનો ઉમદા સહયોગ મળી રહયો છે. આમ આ કાર્ય આગળ વધી રહયું છે.

- ૧ નવેમ્બર થી ૩૦ નવેમ્બર સુધી ચાઈલ્ડ લાઈન સે દોસ્તી અંતર્ગત જુદા - જુદા મુખ્ય અને પેટા વિસ્તારોમાં ચાઈલ્ડ લાઈનનો પ્રચાર-પ્રસાર કર્યો. આ સમય દરમ્યાન લગભગ દસેક હજાર ઉપરાંત લોકોનો સંપર્ક કરી ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પ લાઈનની માહિતી આપી હતી.





## બાળઅધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રની પ્રવૃત્તિઓ વિસ્તરતી રહી છે. આ કેન્દ્ર દ્વારા શૈશવના કાર્યકર ભાઇ-બહેનો, બાલસેના અને તરૂણસેનાને તાલીમ આપવાના કાર્ય ઉપરાંત ગુજરાત તથા ગુજરાત બહારની અન્ય સંસ્થાઓ માટે તાલીમ આપવાનું કાર્ય પણ થઇ રહ્યું છે.

**શૈશવના કાર્યકરોની તાલીમ અને મીટીંગઃ**

- સંસ્થાના કાર્યકરોની સજજતા અને કાર્યક્ષમતા વધે તે માટે શૈશવમાં મીટીંગ અને તાલીમનું કલ્ચર સાતત્યપૂર્ણ રીતે વિકસ્યું છે.

- શૈશવ સંસ્થા દ્વારા કાર્યકરો માટે વર્ષ દરમ્યાન અનેકવિધ તાલીમો યોજવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે પર્યાવરણ, તરૂણાવસ્થાની સમસ્યાઓ, વિજ્ઞાન, ભાષા, સર્જનાત્મક પ્રવૃતિઓ, મૈત્રીની રમતો, પ્રોજેકટ વર્ક, બાળઅધિકાર, નોન વાયોલન્ટ કમ્યુનિકેશન-પધ્ધતિ, શૈશવ સંસ્થાનું ઓરીએન્ટેશન, ચાઇલ્ડ સેફટીવોક, જીવન કૌશલ્યો, અહેવાલ લેખન, વિવિધ મોડેલ અને પ્રવૃતિઓ, સ્વરક્ષણ ઓનલાઇન સેફટી જેવા અનેકવિધ મુદ્દાઓ પર સંસ્થાના સીનીયર કાર્યકરો તથા બહારના તજજ્ઞો દ્વારા તાલીમો આપવામાં આવી હતી.


આ તાલીમોમાં સંસ્થાના કાર્યકરો ઉપરાંત તરૂણસેના તથા બાલસેનાના સક્રિય બાળકો પણ જોડાયા હતા.

- તા.૧૩ થી ૧૮ એપ્રિલ દરમ્યાન શૈશવ સંસ્થાના ભાવિ કાર્યોને લઇને સ્ટ્રેટેજિક વર્કશોપ ચાઇલ્ડ રીચ ઇન્ટરનેશનલ, યુ.કે. ના સહયોગથી યોજયો હતો, આ વર્કશોપમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યકરો તથા તરૂણસેના અને બાલસેનાના પ્રતિનિધિ બાળકો સહભાગી થયા હતા. આ વર્કશોપ માટે યુ.કે. થી સુશ્રી એલિસિયા, રસેલ તથા ફિરોઝભાઇ આવ્યા હતા.

**અન્ય સંસ્થાઓને આપવામાં આવેલ તાલીમઃ**

- ૧ થી ૩ મે દરમ્યાન તથા દિશા સંસ્થાના ધ્રુવ સંગઠનના બાળકો તથા કાર્યકરો સાથે નિવાસી શિબિર તાલીમ દાહોદ જિલ્લાના ફતેપૂરા ખાતે યોજવામાં આવી હતી. ૨૦૦ ઉપરાંત બાળકોને બાળઅધિકાર, બાળ સંગઠન, નેતૃત્વ, મૈત્રીથી રમતો, ટીમ બિલ્ડીંગ અને એકશન પ્લાન જેવી પ્રવૃતિઓની તાલીમ આપી હતી. આ માટે શૈશવ સંસ્થામાંથી અશોકભાઇ, નિલમબેન, અલ્પેશભાઇ, મયુરભાઇ, ઉષાબહેન તથા બાલસેનામાંથી શિવાની અને પંકજે તાલીમ આપી હતી.

- ૧૮ અને ૧૯ એપ્રિલના રોજ ચિન્મય મીશન-ભાવનગરના ઉપક્રમે બાળકો માટે યોજાયેલ શિબિરમાં તેઓના નિમંત્રણથી શૈશવની ટીમે બાળકોની મૈત્રીની રમતો દ્વારા જીવન કૌશલ્યો, વિજ્ઞાનના પ્રોજેકટ વર્ક જેવી પ્રવૃતિઓની તાલીમ આપી હતી. ૨૦૦ ઉપરાંત બાળકોને તાલીમ આપવાનું કાર્ય શૈશવના અલ્પેશભાઇ, મયુરભાઇ,હિતેષભાઇ, ઉષાબહેન અને મેઘનાબહેન ઉપરાંત તરૂણસેનામાંથી દષ્ટિ અને શિવાનીએ મદદ કરી હતી.








બાળ સંરક્ષણ નીતિ–માર્ગદર્શિકા
તાલીમ કાર્યક્રમ

- સુરક્ષા સેતુ સોસાયટી, સુરત પોલીસના ઉપક્રમે આયોજિત સ્ટુડન્ટસ કેડેટસના વેકેશન શિબિરમાં ૨૨ મે ના રોજ ૪૦૫ સ્ટુડન્ટસ કેડેટસને મૈત્રીની રમતો દ્વારા જીવન કૌશલ્યો, બાળઅધિકાર, કિશોરાવસ્થાના પ્રશ્નો બાળકો પર થતા જાતીય અત્યાચાર જેવા મુદાઓને લઇ પ્રવૃતિ આધારિત તાલીમ આપવાનું કાર્ય શૈશવના અશોકભાઇ, અલ્પેશભાઇ, મયુરભાઇ, નીલમબહેન, ભાવિકાબહેન, હિતેષભાઇ તથા તરૂણસેનામાંથી દષ્ટિબહેને સંભાળ્યું હતું.

- સુરક્ષા સેતુ સોસાયટી, ભાવનગર પોલીસ દ્વારા વાળુકડ ખાતે સ્ટુડન્ટસ કેડેટસનો વેકેશન શિબિર યોજાયેલ જેમાં ૬ જૂનના રોજ ૭૫૦ સ્ટુડન્ટસ કેડેટસને મૈત્રીની રમતો, બાળઅધિકાર, કિશોરાવસ્થાના પ્રશ્નો જેવા મુદાઓ અંગેની તાલીમ શૈશવના કાર્યકરો દ્વારા આપવામાં આવી હતી.

- બહેનો અને કિશોરીઓને સ્વરક્ષણ અંગેની વિશિષ્ટ વેનલીડો તાલીમ ૪ અને ૫ જૂનના રોજ સેવા સંસ્થા અમદાવાદની ૭૩ કિશોરીઓને આપવાનું કાર્ય શૈશવના નીલમબહેન તથા તરૂણસેનાના દક્ષાબહેને કર્યું હતું.

- ભાવનગર રેલ્વે ડીવીઝન હસ્તકના રેલવે પ્રોટેકશન ફોર્સના ૧૭૦ જવાનો તથા અધિકારીઓને બાળઅધિકાર, જૂવેનાઇલ જસ્ટીસ એકટ, તથા પોકસો એકટ, તથા ચાઇલ્ડ હેલ્પ લાઇન - ૧૦૯૮ અંગેની તાલીમ તા. ૨૫,૨૯ એપ્રિલ, ૧-૬-૯-૧૩ અને ૧૬ મે ના રોજ શૈશવસંસ્થામાંથી ફાલ્ગુનભાઇ, અશોકભાઇ, આર્ષભાઇ તથા નીતાબહેન વિગેરેએ આપી હતી.

- તા. ૭ થી ૯/૦૭/૨૦૧૫ ના રોજ આધાર સંસ્થા દાહોદના કાર્યકરોને બાળમેળાની પ્રવૃતિ, ચિત્રકામ, પેપરક્રાફ્ટ વૈજ્ઞાનિક રમકડાં, મૈત્રીની રમતો અંગ તાલીમ યોજયા બાદ તા. ૧૯ થી ૨૨ ઓગષ્ટ ના રોજ બીજા ફેઝમાં બાળમેળાની અને બાળકો સાથેની પ્રવૃત્તિઓની તાલીમ આપવામાં આવી હતી. આધાર સંસ્થા - દાહોદ ખાતે કોટડાખુર્દ, જૂનાપાણી તથા રવાળખેડા ગામોમાં તા. ૨૦,૨૧ જુલાઈ ૨૦૧૫ દરમ્યાન કાર્યકરોની સાથે રહીને વિવિધ સરકારી શાળાઓમાં બાળમેળાના ભાગરૂપે ચિત્રકામ, ક્રાફ્ટ, વૈજ્ઞાનિક સમકડાં અને મૈત્રીની રમતો જેવી અનેક વિવિધ પ્રવૃત્તિઓના બાળમેળા યોજવામાં આવ્યા હતાં. જેમાં ૨૭૮ બાળકો સહભાગી થયા હતા. આ આયોજનમાં શૈશવના કાર્યકરો મદદરૂપ થયા હતા. આ ઉપરાંત ૧૫ અને ૧૬ ડીસેમ્બરના રોજ ૫ ગામોનાં ૨૫૦ જેટલા બાળકો સાથે લીડરશીપ કેમ્પ યોજવામાં આવેલ, તેમાં નેતૃત્વ, ટીમ બિલ્ડીંગ જેવા મુદ્ધાઓ ઉપરાંત વિજ્ઞાન, ભૂગોળ અને કાફ્ટ જેવા મુદ્ધાઓની તાલીમો યોજવામાં આવી હતી. આ માટે શૈશવના અલ્પેશભાઈ, હિતેષભાઈ, ગૌતમભાઈ, ચંદ્રેશભાઈ, દિપકભાઈ તથા કલ્પેશભાઈએ તાલીમ આપી હતી.

- તા. ૧૨-૦૭-૨૦૧૫ ના રોજ શ્રી સ્વામીનારાયણ ગુરૂકૂળ સ્કૂલની ઈકો કલબના ૩૦ બાળકોને શૈશવ સંસ્થાનો પરિચય અને મૈત્રીની રમતોની તાલીમ આપવામાં આવી હતી.

- એકસલ ક્રો. કોર લિ. ભાવનગર ના કર્મચારીઓને મોટીવેશન અને ટીમ બિલ્ડીંગ વિષયને લઈને સંસ્થાના શ્રી ફાલ્ગુનભાઈએ ૯ સપ્ટેમ્બરે તથા ૧ ઓકટોબરના રોજ તાલીમ આપી હતી.

● તા. ૧૬-૦૯-૨૦૧૫ ના રોજ ભાવનગરની મુલાકાતે આવેલ દિહોર માધ્યમિક શાળાના ૯૮ વિદ્યાર્થીઓ સાથે શૈશવના કાર્યોનો પરિચય અને મૈત્રીની રમતોની તાલીમ યોજવામાં આવી હતી. ત્યારબાદ ૧૮ ઓકટોબરના રોજ દિહોર ગામની પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે ભાવનગર બ્લડ બેંકના કાર્યક્રમની સાથે સાથે સહકારના સિધ્ધાંત આધારિત મૈત્રીની વિશિષ્ટિ રમતોની તાલીમ શૈશવના કાર્યકરો દ્વારા આપવામાં આવી હતી.

● વેડછી પ્રદેશ સેવા સમિતિની આશ્રમ શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે નિયમિત તાલીમ વગેરે શૈશવ દ્વારા યોજવામાં આવે છે. આ વર્ષે પણ ૯ થી ૧૧ સપ્ટેમ્બર પાંચ આશ્રમ શાળાના ૯૪ વિદ્યાર્થી અને શિક્ષકોને વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાનના વિષયને પ્રવૃત્તિ આધારીત તાલીમ, ઉપરાંત નેતૃત્વ તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમ પ્રાપ્ત કરેલ લીડર બાળકો હવે પોતાની આશ્રમ-શાળાઓ ઉપરાંત અન્ય શાળામાં પણ પ્રવૃત્તિ આધારીત શિક્ષણની પ્રવૃત્તિઓ કરાવતા થશે.




● જીલ્લા સુરક્ષા સેતુ સોસાયટી, સમાજ સુરક્ષા તથા બાળ સુરક્ષા વિભાગ, જીલ્લા કાનુની સહાય સત્તા મંડળ તથા શૈશવના સંયુકત ઉપક્રમે જીલ્લાના વિવિધ વિભાગોના વડાઓ, જુવેનાઈલ પોલીસ, તાલુકા અધિકારીઓ વિગેરે સાથે ૧૨ ઓગષ્ટના રોજ જુવેનાઈલ જસ્ટીસએકટ, પોકસો એકટ, બાળકોના અધિકાર તથા મહિલા કાનુન અંગે વિશેષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિબિરના ઉદ્દ્ઘાટનમાં કલેકટર શ્રી. બી. એન. પાનીએ પ્રેરક ઉદ્બોધન કર્યું હતું. જયારે સમાપન કાર્યક્રમમાં જીલ્લા પોલીસ અધિકાર શ્રી દિપાંકરભાઈ ત્રિવેદીએ બાળકો અને મહિલાની સુરક્ષા અંગે વિશેષ કાર્યો કરવા અનુરોધ કર્યો હતો. શિબિરમાં બાળ અધિકારો અંગે શૈશવમાંથી શ્રી ફાલ્ગુનભાઈ, જુવેનાઈલ જસ્ટીસ તથા પોકસો એકટ અંગે તજજ્ઞ શ્રી ધ્રુવભાઈ જોષી, મહિલા કાનુન અંગે એડવોકેટ પ્રીતીબહેન મહેતા તથા શ્રી સુલભાબહેન પરાંજપે તાલીમ આપી હતી. આ શિબિરમાં કુલ ૭૯ સરકારી અધિકારીઓ / વ્યક્તિઓ ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સતામંડળના ચેરમેન અને જજ શ્રી ગઢવીએ પણ પ્રેરક હાજરી આપી સૌને બાળ અને મહીલા સુરક્ષા માટે વિશેષ સંવેદનશીલ બની કાર્યરત થવા માર્ગદર્શન આપ્યું હતું
.

● ૯ ઓકટોબરના રોજ અમદાવાદની નિરમા યુનિ.ના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ સમાજકાર્ય અંગે સમજણ કેળવે તે માટે ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવેલ, આ કાર્યક્રમમાં શૈશવના પારૂલબહેને સમાજ ઉત્થાનના કાર્યો, પડકારો તથા બાળ અધિકારના મુદ્દાઓને વણીને વાર્તાલાપ આપ્યો હતો.

● યુનિસેફની પાર્ટનર સંસ્થાઓના કાર્યને કઈ પ્રકારની તાલીમોની જરૂરિયાત વગેરે છે તે સમજવા માટે ૬ થી ૮ ઓકટોબર તથા ૧૫-૧૬ ઓકટોબરના રોજ શૈશવ સંસ્થામાંથી ફાલ્ગુનભાઈ તથા અશોકભાઈએ મુલાકાત લીધી હતી, ત્યારબાદ ૨૭ ઓકટોબર ના રોજ ગાંધીનગર યુનિસેફમાં મીટીંગ યોજી હતી. ૪ અને ૫ ડીસેમ્બર તથા ૯ અને ૧૦ ડીસેમ્બરના રોજ જાંબુઘોડા તથા અંબાજી મુકામે યુનિસેફની ૬ પાર્ટનર સંસ્થાઓની તાલીમ બાળકોના કાયદાઓને લઈ કેસ સ્ટડીના આધારે ચર્ચા તેમજ તેવા કિસ્સાઓમાં કરવાની થતી કામગીરીની પ્રક્રિયાઓ, ટીમ ઓડીટ, મોટીવેશન, પ્રેઝન્ટેશન વગેરે અંગેની તાલીમ શૈશવમાંથી ફાલ્ગુનભાઈ તથા અશોકભાઈએ આપી હતી. ત્યારબાદ મ. ગ. પટેલ સર્વોદય કેન્દ્ર, સમર્થ ટ્રસ્ટ, બનાસકાંઠા તથા પ્રતિકાર, ભાષા સંસ્થા અને બરોડા સીટીઝન કાઉન્સીલ વડોદરાના પ્રોજેકટ વિસ્તારના ગામોના વીલેજ વોલીન્ટીયર્સ તથા કાર્યકરો સાથે બાળકોના અધિકાર અને તે અંગેના બાળમેળા કેવી રીતે યોજવા તેની તાલીમો શૈશવ દ્વારા ૯ થી ૨૧ ફેબ્રુઆરી તથા ૨૩ ફેબ્રુઆરી થી ૩ માર્ચ દરમ્યાન યોજવામાં આવી હતી. દરેક સંસ્થાઓમાં બે દિવસની તાલીમ તથા ત્રીજા દિવસે બાળકો સાથે બાળ અધિકારના વિષયને લઈને બાળમેળાનું પ્રત્યક્ષ નિદર્શન યોજી તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં કુલ ૪૧૭ કાર્યકરો તથા ૨૧૫૪ બાળકો સહભાગી થયા હતાં.



● લોકભારતી સણોસરામાં દર વર્ષે નિયમિત રીતે બાલવાડી તાલીમ શિબિર યોજાતી હોય છે. આ વર્ષે બાલવાડી શિબિરમાં ૧૭ ડીસેમ્બરના રોજ લોકભારતીના પીટીસી તથા બીઆરએસના ૧૯૩ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ચાઈલ્ડ હેલ્પ લાઈન અંગે તથા મૈત્રીની રમતોની તાલીમ શૈશવમાંથી નીતાબહેન તથા મયૂરભાઈએ આપી હતી.

● ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલ જિ. નવસારીના ૨૦ વર્ષ પૂર્ણ થતા યોજાયેલ વિવિધ કાર્યક્રમો પૈકી સંસ્થાની આસપાસના ગામોની શાળાના બાળકો સાથે બાળમેળાના માધ્યમથી તા. ૨૧ થી ૨૩ જાન્યુઆરી ના રોજ તાલીમ યોજવામાં આવી હતી, જેમાં

બાળકોના અધિકાર અંગે રમતના માધ્યમથી ૯૫૫ બાળકોને શૈશવના કાર્યકરો હિતેષભાઈ, વિપુલભાઈ તથા દિપકભાઈએ તાલીમ આપી હતી.

**શૈશવ કાર્યકરોની સ્ટડી ટુરઃ**

- સંસ્થાના કાર્યકરો વિકાસ અને અધિકારોના કામો અંગે વ્યાપક દૃષ્ટિકોણ કેળવે, નવું શીખે, આદાન-પ્રદાન કરે તે માટે સ્ટડીટુર યોજવામાં આવતી હોય છે. આ સ્ટડી ટુરમાં કાર્યકરો ઉપરાંત બાલસેનાના બાળકો, તરૂણસેના તથા વિસ્તારના લોકો પણ સહભાગી થતા હોય છે.

- ૧ થી ૮ નવેમ્બર દરમ્યાન સંસ્થાના ૧૫ કાર્યકરો, બાલસેનાના ૬ બાળકો તથા તરૂણસેનાના ૭ તરૂણો મળી ૨૮ સભ્યોની ટીમે રાજસ્થાનનો પ્રવાસ કર્યો હતો.

- અજમેર પાસે તિલોનિયામાં કાર્યરત સમાજકાર્ય અનુસંધાન કેન્દ્ર, બેરફુટ કોલેજ તથા દેવડુંગરી ખાતે કાર્યરત મજદૂર કિસાન શકિત સંગઠન, ડેમોક્રસી કોલેજ ઉપરાંત ઉદેપુર ખાતે આવેલ સેવામંદિર સંસ્થા, શિક્ષાંતર તથા સ્વરાજ યુનિ.ની મુલાકાત લઈ અનેકવિધ પ્રવૃતિઓ નિહાળવાની સાથોસાથકાર્યકરો, સ્થાપકો તથા બાળકો સાથે મીટીંગો કરી અનુભવોનું આદાનપ્રદાન કર્યુ હતું.

- આ સમગ્ર સ્ટડી ટુર શૈશવના કાર્યોને આગળની દિશામાં લઈ જવામાં ઉપયોગી બની રહી હતી.

- વર્ષ દરમ્યાન અલગ-અલગ ૬ કોલેજના માસ્ટર ઓફ સોશ્યલ વર્કના ૧૨ વિદ્યાર્થીભાઈ-બહેનો તેઓના અભ્યાસના ભાગરૂપે પ્લેસમેન્ટ માટે આવ્યા હતા.

- વિદેશથી પણ શૈશવના કાર્યોને જાણવા-સમજવા તથા મદદરૂપ થવાના હેતુથી વોલીન્ટીયર્સ આવતા હોય છે. આ વર્ષ દરમ્યાન.... યુકેથી શ્રી અમલભાઈ પાનોસ્કર ૬ મહિના માટે, જયારે એકાઉન્ટીંગ અને ફાયનાન્સીયલ સીસ્ટમને વધુ સારી બનાવવા માટે યુકેથી મીનાબહેન શેઠ તથા એકાઉન્ટીંગ ફોર ઈન્ટરનેશનલ ડેવલેપમેન્ટમાંથી સંજયભાઈ જોષી એક મહિના માટે સેવાઓ આપવા આવ્યા હતાં, જયારે યુ.એસ.એ.થી કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી તિથિ રાવલ અને ધોરણ ૯ માં અભ્યાસ કરતી કુહુ ભાલ તેઓના વેકેશન દરમ્યાન શૈશવમાં સેવાઓ આપવા આવ્યા હતા.



## વર્ષ ૨૦૧૫-૧૬માં મળેલ દાનની યાદી

| ક્રમ | નામ | સ્થળ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ઈમ્પેકટગુરૂ ફાઉન્ડેશન | ન્યુ દિલ્હી | ૪,૬૦,૨૦૪ |
| ૨ | વિદ્યા પ્રોત્સાહક ટ્રસ્ટ | ભાવનગર | ૧,૦૦,૦૦૦ |
| ૩ | પૂર્વી એચ. જોષી | ભાવનગર | ૫૧,૦૦૦ |
| ૪ | એફ. પી. તંબોલી ચેરીટેબલ ટ્રસ્ટ | ભાવનગર | ૩૦,૦૦૦ |
| ૫ | વેડછી પ્રદેશ સેવા સમિતી | વાલોડ | ૩૦,૦૦૦ |
| ૬ | અમલ પાનોસકર | મુંબઈ | ૨૯,૨૦૦ |
| ૭ | શ્રી જલારામબાપા લોકાશ્રય લેકસેવા ટ્રસ્ટ | રાજપીપળા | ૨૫,૦૦૦ |
| ૮ | લતાબેન રમણલાલ શાહ | વડોદરા | ૨૫,૦૦૦ |
| ૯ | પારૂલબેન એફ. શેઠ | ભાવનગર | ૨૫,૦૦૦ |
| ૧૦ | ફાલ્ગુનભાઈ પી. શેઠ | ભાવનગર | ૨૫,૦૦૦ |
| ૧૧ | દિલીપભાઈ આર. શાહ | અમદાવાદ | ૨૦,૦૦૦ |
| ૧૨ | નીલમ ટી. જાદવ | ભાવનગર | ૧૫,૦૦૦ |
| ૧૩ | અશોકભાઈ એચ. પટેલ | ભાવનગર | ૧૫,૦૦૦ |
| ૧૪ | અલ્પેશભાઈ જે. પરમાર | ભાવનગર | ૧૫,૦૦૦ |
| ૧૫ | લેટઅસ્ચેન્જ ફાઉન્ડેશન | ગુરગાવ | ૧૪,૬૫૦ |
| ૧૬ | સૌરભ મુખર્જી | મુંબઈ | ૧૦,૦૦૦ |
| ૧૭ | એકસેલ ક્રોપ કેર લિમીટેડ | ભાવનગર | ૧૦,૦૦૦ |
| ૧૮ | યશવંતભાઈ ત્રિવેદી | અમદાવાદ | ૧૦,૦૦૦ |
| ૧૯ | પરવીઝ કે. દારૂવાલા | નવસારી | ૧૦,૦૦૦ |
| ૨૦ | મયુરભાઈ એન. અજાણા | અમરેલી | ૧૦,૦૦૦ |
| ૨૧ | હિતેશભાઈ ટી. ડુમરાળીયા | ખાડી | ૧૦,૦૦૦ |
| ૨૨ | શ્રીમતી રાધિકાબેન હિમતલાલ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૭,૫૦૦ |
| ૨૩ | મોહન ભાસ્કર | બેંગ્લોર | ૫,૯૮૫ |
| ૨૪ | વિરેન્દ્રભાઈ બી. શાહ | વલસાડ | ૫,૧૦૦ |
| ૨૫ | ડૉ. ભરતભાઈ એન. પંચાલ | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૬ | ડૉ. એમ. જી. દેસાઈ | ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૭ | સ્પાર્ક ફાઉન્ડેશન | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૨૮ | ડૉ. ભરતભાઈ એમ. શાહ | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૨૯ | સુહાસિનીબેન જે. મહેતા | વડોદરા | ૫,૦૦૦ |
| ૩૦ | ડૉ. ધિરેનભાઈ કે. મોદી | ઝઘડિયા | ૫,૦૦૦ |
| ૩૧ | રમેશભાઈ એચ. નાણાવટી | વડોદરા | ૫,૦૦૦ |
| ૩૨ | કેતનભાઈ દાણી | ભાવનગર | ૫,૦૦૦ |
| ૩૩ | સેવા | અમદાવાદ | ૪,૦૦૦ |
| ૩૪ | હસમુખ બી. મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૩૫ | શિલ્પા જે. મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૩,૫૦૦ |
| ૩૬ | વિહા યજ્ઞેશભાઈ પટેલ | ગોધરા | ૩,૦૦૦ |
| ૩૭ | ઉત્થાન | ભાવનગર | ૩,૦૦૦ |
| ૩૮ | સ્વ. કુસુમબેન ગુણવંતરાય દેસાઈ | રણાસણ | ૨,૦૦૧ |
| ૩૯ | ડૉ. કે. કે. જાની | ભાવનગર | ૧,૫૦૦ |
| ૪૦ | શ્રી મહેન્દ્રભાઈ ઉતમચંદ શાહ | ભાવનગર | ૧,૦૦૦ |
| ૪૧ | બીમલભાઈ પી. શેઠ | વડોદરા | ૧,૦૦૦ |

## વિદેશમાંથી મળેલ દાનની યાદી

| ક્રમ | નામ | સ્થળ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ગ્લોબલ ગિવીંગ | યુ.એસ.એ | ૧,૭૬,૩૬૮ |
| ૨ | ગ્લોબલ ગિવીંગ | યુ.કે. | ૭૨,૦૪૭ |
| ૩ | ધ ગ્લોબલ ફંડ ફોર ચીલ્ડ્રન | યુ.એસ.એ | ૬૫,૨૪૦ |
| ૪ | ગિરીશભાઈ પટેલ | યુ.એસ.એ | ૨૯,૯૬૫ |
| ૫ | કલ્પનાબેન જી. પટેલ | યુ.એસ.એ | ૨૯,૯૬૫ |
| ૬ | ઉષાબેન નરેન્દ્રભાઈ શેઠ | યુ.એસ.એ | ૨૫,૦૦૦ |
| ૭ | જયેન પટેલ | નેરોબી | ૨૧,૦૦૦ |
| ૮ | સાંઈપ્રસાદ રાવળ | યુ.એસ.એ | ૧૧,૦૦૦ |
| ૯ | રેવ ડેવિડ ફેકટન | યુ.કે. | ૧૦,૦૦૦ |
| ૧૦ | લફબરો યુ.એફ.સી. | યુ.કે. | ૧૦,૦૦૦ |
| ૧૧ | ઉદયભાઈ મહેતા | યુ.કે. | ૫,૦૦૦ |
| ૧૨ | પ્રશાંતભાઈ સાઉથકરવાલ | કેનેડા | ૩,૫૦૦ |
| ૧૩ | ચાઈના મંડળ | બેગ્લોર | ૩,૫૦૦ |

**DILIP R. SHAH & CO.**
A/2/21, Ajanta Comm. Centre, Chartered Accountants
Nr. Income tax, Ashram Road, Ahmedabad-380 014.

## *AUDITOR'S REPORT*

***We have examined the Balance sheet as at 31st March, 2016 and income & Expenditure Account for the year ended as above of the above Trust. These financial statements are the responsibility of the Management of the Trust. Our responsibility is to express an opinion on these financial statements based on our audit.***

***We conducted our audit in accordance with the auditing standards generally accepted in India. Those standards required that we plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free of material misstatement. An audit includes examining, on a test basis, evidence supporting the amounts and disclosures in the financial statements. An audit also includes made by management, as well as evaluating the overall financial statement presentation. We believe that our audit provides a reasonable basis for our opinion. The Financial Statement give a true and fare view in accordance with accounting practices in India, of the state of affairs at 31st March 2016.***

***We further report as detailed below.***

***(a)Accounts are maintained regularly and in accordance with the provisions of the Trust Act and the Rules.***

***(b)Receipts and disbursements are properly and correctly shown in the accounts.***

***(c)The cash balance and vouchers in custody of the manager or trustee on the date of the audit were in agreement with the accounts.***

***(d)All books, deeds, accounts, vouchers of other documents or records required to us were provided by the trust.***

***(e)An inventory certified by the Trustee of the movables of the Public Trust has been maintained.***

***(f)Shri ASHISH RAVAL, accountant appeared before us and furnished the necessary information required by us***

***(g)No property of funds of the trust were applied for any object or purpose other than the object or purpose of the Trust.***

***(h)The amounts outstanding for more than one year Rs. Nil.The amount written off during the year Rs. Nil.***

***(i)Tenders were not invited as there were no repairs exceeding RS.5000.The Consturction/repairing work done departmentally hence not applicable.***

***(j)No money of the public trust has been invested contrary to the provisions of section 35 of trust act.***

***(k)There is no alienation of immovable property contrary to provision of section 36 of trust act.***

Remarks :- Nil

PLACE: Ahmedabad
Date :- 29-06-2016

***FOR DILIP R. SHAH & CO.***

***[DILIP R. SHAH. PROP.]***

**Our Sincere Thanks To:**
To Fulfill our responsibilities towards deprived children by providing them reasonable opportunities to lead meaningful life your good wishes and active support constantly provide us with inspiration and encouragement. We have received support from many well-wishers. donors and institute for our activities till now. Some of our major supporters are; Child Reach International.(Comic Relief), Unicef and Aware Foundation.

## FINANCIAL STATMENT 2015-16

| *FUNDS & LIABILITIES* | AS ON 31.03.2016 | AS ON 31.03.2015 |
|---|---|---|
| Trust Funds or Corpus | 2,70,581.00 | 2,70,581.00 |
| **Other Earmarked Funds** | | |
| (a)Building Fund | 11,278,343.40 | 11,090,739.05 |
| (b)Non Recurring | 6,094,853.00 | 5,931,373.00 |
| (c)Un Utilized Fund | 1,874,385.37 | 5,331,401.22 |
| (d)Computer Fund | 98,680.00 | 98,680.00 |
| Other Liabilities | 3,956,920.86 | 3,127,315.86 |
| Income & Expenditure Account | 15,051,999.45 | 11,527,259.79 |
| **TOTAL** | **38,625,763.08** | **37,377,349.92** |

| ASSETS | AS ON 31.03.2016 | AS ON 31.03.2015 |
|---|---|---|
| Immovable properties | 9,935,903.00 | 9,935,903.00 |
| Furniture & Fixture | 6,396,378.40 | 6,232,898.40 |
| Loan & Advances | 43,000.00 | 132,263.00 |
| Income Outstanding | 1,516,598.00 | 837,090.00 |
| Cash & Bank Balances | 20,733,883.68 | 20,239,195.52 |
| **TOTAL** | **38,625,763.08** | **37,377,349.92** |

| EXPENDITURE | AS ON 31.03.2016 | AS ON 31.03.2015 |
|---|---|---|
| Establishment Expenses | 6,464.00 | 1,573.00 |
| Amounts Written Off | -- | 35,735.00 |
| Contribution & Fees | 21,730.00 | 50,000.00 |
| Exp. on Object of the Trust | 13,998,340.35 | 12,273,149.16 |
| Surplus Carried Over to B/S | 3,524,739.66 | 2,240,718.37 |
| **TOTAL** | **17,551,274.01** | **14,601,175.53** |

| INCOME | AS ON 31.03.2016 | AS ON 31.03.2015 |
|---|---|---|
| Interest | 1,769,818.24 | 1,273,437.00 |
| Donation | 1,495,101.42 | 819,298.62 |
| Grant | 10,541,324.50 | 12,134,031.20 |
| Training & workshop fees | 174,400.00 | 99,084.00 |
| Misc. Income | 113,614.00 | 87,471.75 |
| Transfer From Reserved Fund | 3,457,015.85 | 187,852.96 |
| **TOTAL** | **17,551,274.01** | **14,601,175.53** |

**Place: Ahmedabad**
**Date: 29-06-2016**

**Falgun Sheth**
**Managing Trustee**
**Shaishav**

**For Dilip R. Shah & Co.**
**Chartered Accountants**
**(Dilip R. Shah, Proprietor)**





| વિગત | અમલ |
|---|---|
| **(A)** નોંધણી : | |
| • સંસ્થાનું નામ | • શૈશવ |
| • રજી. સરનામું | • આઈ.૧૦૦૩, ઈન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઈન થીયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ |
| • કાર્ય સ્થળનું સરનામું | • **બ્લોક નં.૩, બીજે માળે, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર. ફોન : ૦૨૭૮-૨૫૬૮૫૬૧** |
| • જાહેર સંસ્થા નોંધણી નં. | • F/3462/Ahmedabad |
| • સોસાયટી રજી. નં. | • Guj/3592/Ahmedabad |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૧૨ (એ) રજીસ્ટ્રેશન | • HQ.III/32 (S-7)93-94/ AR-8 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ ૮૦ (જી) સર્ટી નં. | • DIT (E) / 80 G (5)/1057/2007-2008 |
| • ઈન્કમટેક્ષ એક્ટ મુજબ પાન એકાઉન્ટ નં. | • AABTS0865 N |
| • વિદેશી સહાય નોંધણી નં. | • 041980028 |
| • મુખ્ય બેંકનું નામ સરનામું | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર<br>• આઈ.ડી.બી.આઈ. બેંક, વાઘાવાડી રોડ, ભાવનગર.<br>• યુનીયન બેંક ઓફ ઈન્ડિયા, આશ્રમ રોડ, અમદાવાદ |
| • પરદેશના દાન માટે | • દેના બેંક - ડોન બ્રાંચ, ભાવનગર |
| **(B)** સંસ્થાના ધ્યેય/અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા | |
| • સંસ્થાના બંધારણ અને વિવિધ અહેવાલમાં રજૂઆત | • સ્પષ્ટ અને દ્દઢ રજૂઆત |
| • કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં રૂપાંતરણ | • સારી રીતે |
| • કાર્યકરો, સ્થાનિક લોકો તથા બાળકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | • સભાન પ્રયત્નો |

| | |
|---|---|
| **(C)** વહીવટ અને સંચાલન<br>સંચાલક મંડળના સભ્યો/ ટ્રસ્ટીઓ | • ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે<br>• ટ્રસ્ટી મંડળમાં ૫૦% થી વધુ મહિલા સભ્યો<br>• ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બાલસેના/તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત<br>• ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગાં છે.<br>બોર્ડના કોઈપણ ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકે કોઈપણ પ્રકારનાં ભથ્થા ચૂકવવામાં આવતાં નથી<br>• વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૧ મીટીંગ યોજાઈ હતી<br>• સંસ્થાના બે કાર્યકારી વડાઓને તેમના પૂર્ણ સમયના વ્યવસાયિક કાર્ય માટે માસિક રૂા. ૪૫,૦૦૦/- લેખે માનદવેતન ચૂકવવામાં આવે છે. |
| **(D)** દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો,<br>સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ | • દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ<br>• કાર્યની વહેંચણી  જવાબદારી તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ, ગુણવત્તા પર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ<br>• બહારના નિષ્ણાંતો દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા |
| **(E)** કાર્યકારી સલાહકાર જૂથ<br>સંસ્થામાં વિવિધ નીતિ-માર્ગદર્શન | • રચના થઈ છે / અનિયતકાલીન મીટીંગ થાય છે.<br>• સંસ્થાના વીઝન / મીશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.<br>• સંસ્થાના કાર્યકરો માટેની નીતિ  નિયમોની માર્ગદર્શિકા છે.<br>• બાળ સુરક્ષા નીતિ છે. / જેન્ડર નીતિ છે. / સ્વયંસેવક નીતિ છે.<br>• એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડ સ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ<br>• મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિની રચના થઈ છે અને તેના સભ્યો સમયાંતરે બદલાતા હોય છે. |

**(F)** માનવ સંસાધન

- વેતન ધોરણો
  - અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં
- હાલના કાર્યકરો
  - પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી : (માર્ચ ૨૦૧૬ પ્રમાણે)

| પગાર ધોરણ | ફુલ ટાઈમ | પાર્ટ ટાઈમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૫૦૦૦ થી નીચે | – | – | ૨ | ૩ | ૫ |
| ૫૦૦૦ થી ૧૦,૦૦૦ | ૨ | ૪ | ૨૧ | ૧૨ | ૩૩ |
| ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ | ૩૪ | ૧ | ૩ | ૧ | ૪ |
| ૧૫,૦૦૦ થી વધુ | ૧૫ | – | ૪ | ૩ | ૭ |

- હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં વર્ષો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | ૧૭ | ૯ | ૨૬ |
| ૩ થી ૫ વર્ષ | ૫ | ૨ | ૭ |
| ૫ થી ૧૦ વર્ષ | ૩ | ૫ | ૮ |
| ૧૦ થી વધુ વર્ષ | ૫ | ૩ | ૮ |
| કુલ | ૩૦ | ૧૯ | ૪૯ |

- નિમણૂંક પત્રો
  - તમામને આપવામાં આવે છે.
- પી.એફ./ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા લાભો
  - નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે.
- પર્સનલ એકસીડન્ટ પોલીસી
  - તમામ કાર્યકરોની લેવામાં આવે છે.
- સ્ટાફ વેલ્ફેર પ્રવૃતિ
  - સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ દ્વારા કાર્યકરો વચ્ચે સંઘભાવના, પરિવારભાવના અને વિકાસના પ્રયત્નો આધારે સમિતિની રચના થઈ છે.
- મીટીંગો
  - દર અઠવાડીયે કો ઓર્ડીનેશન મીટીંગ
  - દરેક વિભાગોની અઠવાડિક મીટીંગો
  - લગભગ દર મહિને તમામ સ્ટાફની મીટીંગ

| | |
|---|---|
| • ક્ષમતાવર્ધન વ્યવસાયિક વિકાસ | • ક્ષેત્રિય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન<br>• ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો<br>• રસ રૂચિ અને અનુભવને આધારે કાર્યબદલાય અને નવા કાર્યમાં જવાબદારી / વિકાસની તકો આપવામાં આવે છે. |
| **(G) જવાબદેહીતા અને પારદર્શિતા** | |
| • પ્રકાશનો | |
| • વાર્ષિક અહેવાલ | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • વાર્ષિક હિસાબો | • દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| • 'નિસ્બત' મુખપત્ર | • દર ત્રણ મહિને સંસ્થાનું મુખપત્ર પ્રકાશિત કરવાનો પ્રયત્ન થાય છે. |
| • વેબસાઈટ | • સંસ્થાની વેબસાઈટ નિયમિત રીતે મહદ્અંશે અદ્યતન કરવામાં આવે છે તેમજ પ્રવૃતિના સમાચાર તેમાં આપવામાં આવે છે. |
| **નાણાંકીય પાસાઓ** | |
| • બોર્ડ મીટીંગ વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા | • વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા દરેક મીટીંગમાં ચર્ચવામાં આવે છે. |
| • હિસાબી પધ્ધતિ | • સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં |
| • નાણાંકીય લેવડ દેવડ | • દરેક નાણાંકીય લેવડ દેવડ અંગે રસીદ/બિલ વિ. સાથે ચોકસાઈપૂર્વક અમલમાં |
| • હિસાબી મોનીટરીંગ | • દરેક મહિને મોનીટરીંગ કરવામાં આવે છે. |
| • ચાર્ટડ એકાન્ટન્ટ દ્વારા ઓડિટ | • દર ત્રણ મહિને ઓડીટ થાય છે તેમજ વાર્ષિક ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે.<br>• ઓડીટર : શ્રી દિલીપભાઈ આર. શાહ એન્ડ કું. એ/૨૧, અજન્ટા કોમ. સેન્ટર, બીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ. |

| | |
|---|---|
| • બાહ્ય નિષ્ણાંતો/ સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં પાંચ વાર બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• ક્રેડીબીલીટી એલાયન્સ દ્વારા સંસ્થાની વિશ્વસનીયતા, પારદર્શિતા અને જવાબદેહીતા અંગેના ધારાધોરણનું મૂલ્યાંકન કરી સંસ્થાને પ્રમાણિત કરવામાં આવી હતી અને હાલ રીન્યુઅલ પ્રક્રિયા ચાલી રહી છે.<br>• શૈશવ Give India/Guidestar અને Global Giving-UK/USA સાથે નોંધાયેલ છે અને સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશીનાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશનર શ્રી વિ. કાયદાઓની જરૂરિયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે. હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થાવતી સ્વીકાર |
| • હવાઈ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ સંસ્થામાં જે તે પ્રોજેકટ ગ્રાંટ હેઠળ તેમજ આયોજક સંસ્થાએ ભોગવ્યો છે. |



જીવીએ ત્યાં સુધી શીખીએ

શ્રી રામકૃષ્ણ પરમહંસ